હરિઃ ૐ આશ્રમ પ્રેરિત પ્રકાશન

# બેં..બેં..બકરો

બિપ્સી એન્જિનિયર




ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક ચાળીસમું

# બેં બેં બકરી

બેપ્સી એન્જિનિયર

ગુજરાતી સાહિત્ય પરિષદ
ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, નદીકિનારે
અમદાવાદ-૩૮૦ ૦૦૯

: પ્રકાશક :

કુમારપાળ દેસાઈ

મંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ

નદીકિનારે, અમદાવાદ – ૩૮૦ ૦૦૯

☐

© બેપ્સી એન્જિનિયર

☐

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૪

પ્રત : ૧૨૫૦

મૂલ્ય : રૂ. ૭/૫૦

☐

આવરણ-સંયોજન : શૈલેશ મોદી

આવરણ-મુદ્રણ : દીપક પ્રિન્ટરી, અમદાવાદ–૩૮૦ ૦૦૧

☐

: મુદ્રક :

કાન્તિભાઈ મ. મિસ્ત્રી

આદિત્ય મુદ્રણાલય

રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

શ્રી હરિઃ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્યઘડતર કરે તેવાં બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂપિયા ૧૨,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવા બાલ-સાહિત્યનું સર્જન કરવાનો આનો હેતુ છે આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ, નાટિકાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રગટ કરવામાં આવ્યાં છે. ૧૯૬૭થી શરૂ થયેલી આ ગ્રંથમાળાનું આ ચાળીસમું પ્રકાશન બાલવાર્તાઓનું છે. શ્રી એપ્સીબહેન એન્જિનિયરની આ બાલવાર્તાઓ બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે અને સાંભળશે–સંભળાવશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ અમારાં પ્રકાશનોને જે રીતે આવકાર્યાં છે તે રીતે આ બાલવાર્તાઓને પણ આવકારશે તેવી અમને શ્રદ્ધા છે.

મંત્રીઓ

તા. ૯–૫–'૮૪

ગુજરાતી સાહિત્ય પરિષદ

# અનુક્રમ

| | | |
|---|---|---|
| ૧ | બેં બેં બકરી | ૫ |
| ૨ | ડબકડૂબક પૂરી | ૧૫ |
| ૩ | ઘાસિયો ઘોડો | ૨૨ |
| ૪ | હોલાભા અને હાથીભાઈ | ૩૨ |
| ૫ | કા કા કાગભાઈ અને બેગમ બિલ્લી | ૩૯ |
| ૬ | કતારગામના કુત્તાજી | ૪૭ |
| ૭ | ગધાશંકર અને વરુજી | ૫૬ |
| ૮ | બગ ભગત અને કા કા કાગજી | ૬૨ |
| ૯ | ચકાભાઈ અને ચકીબહેન | ૭૨ |
| ૧૦ | શકરાભાઈ અને સમડીબહેન | ૭૯ |
| ૧૧ | સાસણગીરના સિંહાજી અને સસ્સારાણા | ૮૭ |


□

# બેં બેં બકરી

એક હતી ડોશી
એક હતો ડોસો.
ડોશી કહે : 'ડોસા, હેંડો મેળે.
મેળે જાશું.
બકરી લાશું.
ખાશું, પીશું ને મજા કરીશું.'

ડોશી ગઈ મેળે.
ડોસો ગયો મેળે.
મેળેથી લીધી બકરી.
ડોશી આવી ઘેર.
ડોસો આવ્યો ઘેર.
બકરીને બાંધી આંગણે.
ડોશી ખુશખુશ.
ડોસો ખુશ ખુશ.
છોકરાંઓ ખુશ ખુશ.

આમ કરતાં વહાણું વાયું.
ડોસાએ મોટા દીકરાને બોલાવ્યો.
'મોટા, જા સીમમાં.
બકરીને ચરાવવા.'

મોટો ગયો સીમમાં.
બકરી ચરાવવા.
સવારની સાંજ થઈ.
બકરીએ ધરાઈ ધરાઈને ઘાસ ખાધું.
ધરાઈ ધરાઈને પાણી પીધું.

મોટો આવ્યો ઘેર.
બકરી આવી ઘેર.
ડોસે બકરીને ખોળે લીધી.
પંપાળી, પસવારી.
ડોસો કહે : 'બોલ જોયેં બકરી, તેં ધરાઈને ઘાસ ખાધું કે ?
ધરાઈને પાણી પીધું કે ?'

બકરી બોલી : 'હું બેં બેં બકરી,
માથે મૂકી ટોકરી,
ગઈ'તી સીમમાં ફરવા,
દાણોપાણી ચરવા,
મળી અડધી ધાણી,
વાદળીએ દીધું ટીપું પાણી.'

બકરીની વાત સાંભળી ડોસો મોટા ઉપર બહુ ખિજાયો.
ડોસાએ ઝાલી ડાંગ, 'મોટાની તોડું ટાંગ.'
ડોસો મોટાને મારવા દોડયો.
આગળ મોટો.
પાછળ ડોસો.
ડોસો કહે : 'ઊભો રહે. મારું તને.'
મોટો કહે : 'લ્યો ત્યારે, પકડો મને.'

દોડતાં ડોસો થાક્યો.
મોટો ત્યાંથી ભાગ્યો.
ડોસો આવ્યો ઘેર.
બકરીને તાજું ઘાસ નીર્યું.
પીવાને ઠંડું પાણી દીધું.
એં એં બકરી. ખાય, પીએ, ગેલ કરે.

આમ કરતાં વહાણું વાયું.
ડોસાએ નાના દીકરાને બોલાવ્યો.
'નાના, જા સીમમાં.
બકરીને ચરાવવા.'
નાનો ગયો સીમમાં.
બકરી ચરાવવા.
સવારની સાંજ થઈ.
બકરીએ ધરાઈ ધરાઈને ઘાસ ખાધું.
ધરાઈ ધરાઈને પાણી પીધું.
નાનો આવ્યો ઘેર.
બકરી આવી ઘેર.
ડોસે બકરીને ખોળે લીધી.
પંપાળી. પસવારી.
ડોસો કહે : 'બોલ જોયેં બકરી, તેં ધરાઈને ઘાસ ખાધું કે ?
ધરાઈને પાણી પીધું કે ?'
બકરી બોલી : 'હું, એં એં બકરી,
માથે મૂકી ટોકરી,
ગઈ'તી સીમમાં ફરવા,
દાણોપાણી ચરવા,

મળી અડધી ધાણી,
વાદળીએ દીધું ટીપું પાણી.’

બકરીની વાત સાંભળી ડોસો નાના ઉપર બહુ ખિજાયો.

ડોસાએ ઝાલી ડાંગ, ‘નાનાની તોડું ટાંગ.’
ડોસો નાનાને મારવા દોડ્યો.
આગળ નાનો.
પાછળ ડોસો.
ડોસો કહે: ‘ઊભો રહે. મારું તને.’
નાનો કહે: ‘લ્યો ત્યારે, પકડો મને.’
દોડતાં ડોસો થાક્યો.
નાનો ત્યાંથી ભાગ્યો.

ડોસો આવ્યો ઘેર.
બકરીને તાજું ઘાસ નીર્યું.
પીવાને ઠંડું પાણી દીધું.
એં એં બકરી. ખાય, પીએ, ગેલ કરે.

આમ કરતાં વહાણું વાયું.
ડોસાએ ડોશીને બોલાવી.
‘ડોશી, જા સીમમાં.
બકરી ચરાવવા.’

ડોશી ગઈ સીમમાં.
બકરી ચરાવવા.
સવારની સાંજ થઈ.
બકરીએ ધરાઈ ધરાઈને ઘાસ ખાધું.
ધરાઈ ધરાઈને પાણી પીધું...

ડોશી આવી ઘેર.
બકરી આવી ઘેર.
ડોસે બકરીને ખોળે લીધી.
પંપાળી. પસવારી.
ડોસો કહે, 'બોલ જોયે બકરી, તેં ધરાઈને ઘાસ ખાધું કે?
ધરાઈને પાણી પીધું કે?'
બકરી બોલી : 'હું એં એં બકરી,
માથે મૂકી ટોકરી,
ગઈ'તી સીમમાં ફરવા,
દાણો પાણી ચરવા.
મળી અડધી ધાણી,
વાદળીએ દીધું ટીપું પાણી.'

બકરીની વાત સાંભળી ડોસો ડોશી ઉપર બહુ ખિજાયો.
ડોસાએ ઝાલી ડાંગ, 'ડોશીની તોડું ટાંગ.'
આગળ ડોશી.
પાછળ ડોસો.
ડોસો કહે : 'ઊભી રહે. મારું તને.'
ડોશી કહે : 'લ્યો ત્યારે, પકડો મને.'
દોડતાં ડોસો થાક્યો.
ડોશી ત્યાંથી ભાગી.

ડોસો આવ્યો ઘેર.
બકરીને તાજું ઘાસ નીર્યું.
પીવાને ઠંડું પાણી દીધું.
એં એં બકરી. ખાય, પીએ, ગેલ કરે.

આમ કરતાં વહાણું વાયું.
ડોસો ગયો સીમમાં.
બકરી ચરાવવા.
ડોસો ઝાડના થડ પાછળ છૂપાઈ ગયો.
છૂપાઈને ખેલ જોતો રહ્યો.
સવારની સાંજ થઈ.
બકરીએ ધરાઈ ધરાઈને ઘાસ ખાધું.
ધરાઈ ધરાઈને પાણી પીધું.

ડોસો એકલો ઘેર આવ્યો. વહેલો વહેલો ઘેર આવ્યો.
બકરી એકલી ઘેર આવી. મોડી મોડી ઘેર આવી.
જુએ તો ડોસા આંગણે ઊભા છે.
ડોસે બકરીને ખોળે લીધી.
પંપાળી, પસવારી.
ડોસો કહે : 'બોલ જોયેં બકરી. તેં ધરાઈને ઘાસ ખાધું કે?
ધરાઈને પાણી પીધું કે?'
બકરી બોલી : 'હું બેં બેં બકરી,
માથે મૂકી ટોકરી,
ગઈ'તી સીમમાં ફરવા,
દાણોપાણી ચરવા,
મળી અડધી ધાણી,
વાદળીએ દીધું ટીપું પાણી.'

બકરીની વાત સાંભળી ડોસો બેં બેં બકરી ઉપર ખિજાયો.
ડોસાએ ઝાલી ડાંગ, 'બકરીની તોડું ટાંગ.'
આગળ ડોસો.

પાછળ બકરી.
ડોસો કહે : ‘ ઊભી રહે. મારું તને. ’
દોડતાં ડોસો થાક્યો.
બકરી ત્યાંથી ભાગી.
ભાગતી ભાગતી ભરાઈ જંગલમાં.
જંગલમાં માટીની મજાની મઢૂલી.
બેં બેં બકરી મઢૂલીમાં ભરાઈ બેઠી.
સાંકળ વાસી ઊંઘી ગઈ.
ઘરરર, ઘરરર, ઘરરર ઊંઘવા લાગી.
ત્યાં આવ્યા સસારાણા.
સસારાણાએ મારી બૂમ :
‘ કોણ ભરાયું મારા ઘરમાં ?
બહાર નીકળ, બહાર. ’
અંદરથી અવાજ આવ્યો :
‘ હું બેં બેં બકરી,
બેં બેં કરી બીવડાવીશ,
ટાંગ તોડી તતડાવીશ,
શીંગ ભેરવી ભગાડીશ,
પૂંછડી વતી પછાડીશ,
ભાગ સસા, કહું, ભાગ ! ’
સસારાણા ગભરાયા.
એ જાય ભાગ્યા. જાય ભાગ્યા.
થાકીને પીપળા હેઠે બેઠા.
બેઠા બેઠા રોવા લાગ્યા.

ત્યાં આવ્યા રીંછારામ.
'સસારાણા, રુઓ કેમ?
આંખો તમારી ચૂએ કેમ?'
સસારાણા કહે: 'ઘરમાં ભૂત ભરાયું છે
ભગાડો રીંછારામજી.
પાય પડું તમારે
સદાયનો ગુલામજી.'
રીંછારામ ચાલ્યા ભૂત ભગાડવા.
રીંછારામ કહે: 'કોણ છે ઘરમાં
બહાર નીકળ, બહાર.'
અંદરથી અવાજ આવ્યો:
'હું બેં બેં બકરી,
બેં બેં કરી બીવડાવીશ,
ટાંગ તોડી તતડાવીશ,
શીંગ ભેરવી ભગાડીશ,
પૂંછડી વતી પછાડીશ,
ભાગ રીંછા કહું, ભાગ!'
રીંછારામ ગભરાયા.
એ જાય ભાગ્યા, જાય ભાગ્યા,
સસારાણાને કહેતા ગયા: 'એ ભૂત ભાગે એવું નથી હાં!'
સસારાણા રોવા લાગ્યા.
ત્યાં આવ્યો શકરો શિયાળ.
'સસારાણા, રુઓ કેમ?
આંખો તમારી ચૂએ કેમ?'

સસારાણા કહે : 'ઘરમાં ભૂત ભરાયું છે
ભગાડો શકરા શિયાળજી.
પાય પડું તમારે
સદાયનો ગુલામજી.'

શકરો ચાલ્યો ભૂત ભગાડવા.
શકરો કહે : 'કોણ છે ઘરમાં?
બહાર નીકળ, બહાર.'

અંદરથી અવાજ આવ્યો :
'હું બેં બેં બકરી
બેં બેં કરી બીવડાવીશ,
ટાંગ તોડી તતડાવીશ
શીંગ ભેરવી ભગાડીશ,
ભાગ શકરા કહું ભાગ!'

શકરાભાઈ ગભરાયા,
એ જાય ભાગ્યા. જાય ભાગ્યા.
સસારાણાને કહેતા ગયા : 'ભૂત ભાગે એવું નથી હોં!'
સસારાણા રોવા લાગ્યા.
ત્યાં આવ્યા વીરજી વીંછૂડા.
'સસારાણા, રુઓ કેમ?
આંખો તમારી ચૂએ કેમ?'

સસારાણા કહે : 'ઘરમાં ભૂત ભરાયું છે.
ભગાડો વીર વીંછૂડાજી.
પાય પડું તમારે
સદાયનો ગુલામજી.'

વીરજી વીંછૂડા ચાલ્યા ભૂત ભગાડવા.
વીરજી કહે, 'કોણ છે ઘરમાં ?
બહાર નીકળ, બહાર.'
અંદરથી અવાજ આવ્યો :
'હું બેં બેં બકરી,
બેં બેં કરી બીવડાવીશ,
ટાંગ તોડી તતડાવીશ.
શીંગ ભેરવી ભગાડીશ.
પૂછડી વતી પછાડીશ.
ભાગ વીર કહું ભાગ !'
પણ ભાગે એ વીરજી શેના ?
વીરજી તો વીંછૂડા.
મઢૂલીની તડમાંથી એ તો પેઠા ઘરમાં.
વીરજી કહે : 'હું વીરજી વીંછૂડો,
ટચૂકડો પણ તમતમતો,
ડંખ દઈને રોવડાવું.
કૂદાવું અને ભગાવું
બો તારી ભૂલાવું.'
વીરજી ચોંટચા બેં બેં બકરીને પગે.
બેં બેં કરતી બકરી જાય ભાગી, જાય ભાગી.
બકરી ભાગી. સસારાણા ખુશખુશ.
સૌએ કહ્યું, 'શાબાશ, વીરજી વીંછુડા,
બકરી ભગાડનારા વીંછૂડા !'

□

# ડબકડૂબક પૂરી

એક હતા ગોર.
એક હતાં ગોરાણી.
તેઓ ઘણાં ગરીબ હતાં.
એક દિવસ ગોરને ગરમાગરમ પૂરી ખાવાનું મન થયું.

ગોર કહે, 'ગોરાણી, મને ભૂખ લાગી છે.
પૂરી તળી દ્યોને.'

ગોરાણી કહે : 'પૂરી તો તળી દઉં, પણ ઘરમાં નથી ચપટી લોટ કે નથી ધાર પાડવા જેટલું તેલ. તો પૂરી કેમ બનાવું ?'

ગોર માગીતાગીને લોટ લાવ્યા, વાડકી તેલ લાવ્યા. ગોરાણીએ ચૂલો ફૂંક્યો, લોટ ગુંદીને લુવો બનાવ્યો. પૂરી વણીને તળી કાઢી. થાળી પીરસી અને અંદર પૂરી મૂકી.

ગોળ દડા જેવી પૂરીને જોઈને ગોરના મોંમાં પાણી આવ્યું. તેઓ પૂરી ખાવા અધીરા થયા.

ગોરાણી કહે : 'જરા ધીરા પડો. ગરમાગરમ પૂરી ખાવા જતાં જીભ દાઝશે. ઘડીક જંપો. હું ઠંડી પાડી દઉં.'

ગોરાણીએ પૂરી ઠંડી પાડવા બારી નજીક મૂકી.

ત્યાં તો પૂરીએ બારીમાંથી ભૂસકો માર્યો. જમીન ઉપર પડતાંને વાર એ દોડવા લાગી.

દોડતી દોડતી પૂરી રસ્તા ઉપર આવી પહોંચી.

સામેથી સસારાણા આવતા હતા.
સસારાણાએ પૂરીને જોઈ.
એમના મોંમાં પાણી આવ્યું.
તેમણે મનમાં વિચાર્યું કે આ પૂરીને કોઈ બીજું ખાય તે પહેલાં હું જ ન ખાઉં ?

સસારાણાએ કૂદકો લગાવ્યો. પૂરીને પકડી લીધી. સસો કહે : 'એય પૂરી, હું બહુ ભૂખ્યો છું, તને ખાઈ જવાનો.'

પૂરી કહે : 'મને ખાવાથી શો લાભ? એક પૂરી ખાવાથી થોડું કાંઈ તમારું પેટ ભરાવાનું છે? એના કરતાં મારું ગીત પેટ ભરીને સાંભળતા હો તો કેવું સારું !'

સસો સંગીતનો શોખીન હતો.

કહે : 'ઠીક તો એમ. સંભળાવો સરસ મજાનું ગીત. મને ગમશે તો રાજી થઈશ, નહિતર તને ખાઈ જઈશ.'

પૂરીએ ગાવા માંડ્યું :

'હું ડબકડૂબક પૂરી,
ગોળ ગોળ ઘૂમતી ફરું,
ડબકડૂબક નાચતી તરું.
ગોરને ભૂખ લાગી,
લાવ્યા લોટ માગી,
ગોરાણીએ દીધી વણી,
તેલમાં વળી તળી,
થાળીમાંથી નાઠી,
ગોરને ઘેરથી ભાગી,

અને હવે તારી કનેથીય આ નાઠી....'

આમ કહેતાંને વાર પૂરી નાસી ગઈ.

સસારાણા મોં જોતા રહી ગયા.

પૂરી દોડતી હતી ત્યાં સામા મળ્યા રીંછારામ.

પૂરીને જોઈને રીંછારામના મોંમાં પાણી આવ્યું. તેમણે મનમાં વિચાર્યું કે આ પૂરીને કોઈ બીજું ખાય તે પહેલાં હું જ ન ખાઉં?

રીંછારામે પંજો લંબાવ્યો. પૂરીને પકડી લીધી. રીંછારામ કહે: 'એય પૂરી, હું બહુ ભૂખ્યો છું, હવે તને ખાઈ જવાનો.'

પૂરી કહે: 'મને ખાવાથી શો લાભ? એક પૂરી ખાવાથી થોડું કાંઈ તમારું પેટ ભરાવાનું છે? એના કરતાં મારું ગીત પેટ ભરીને સાંભળતા હો તો કેવું સારું!'

રીંછારામ પણ સંગીતના શોખીન હતા. કહે, 'ઠીક તો એમ. સંભળાવો સરસ મજાનું ગીત. ગમશે તો રાજી થઈશ, નહિતર તને ખાઈ જઈશ.'

પૂરીએ ગાવા માંડ્યું:

'હું ડબકડૂબક પૂરી,
ગોળ ગોળ ઘૂમતી ફરું,
ડબકડૂબક નાચતી તરું.
ગોરને ભૂખ લાગી,
લાવ્યા લોટ માગી.

ગોરાણીએ દીધી વણી,
તેલમાં વળી તળી,
થાળીમાંથી નાઠી,
ગોરને ઘેરથી ભાગી,
અને હવે તારી કનેથીય આ નાઠી....'

આમ કહેતાંને વાર પૂરી નાસી ગઈ.

રીંછારામ હાથ ઘસતા રહી ગયા.

પૂરી દોડતી હતી ત્યાં સામા મળ્યા હાથીશંકર દૂંદાળા.

પૂરીને જોઈને હાથીશંકરના મોંમાં પાણી આવ્યું. તેમણે મનમાં વિચાર્યું કે આ પૂરીને કોઈ બીજું ખાય તે પહેલાં હું જ ન ખાઉં ?

હથીશંકરે સૂંઢ લંબાવી પૂરીને પકડી લીધી. હાથીશંકર કહે, 'એય પૂરી, હું બહુ ભૂખ્યો છું. હવે હું તને ખાઈ જવાનો.'

પૂરી કહે, 'મને ખાવાથી શો લાભ ? એક પૂરી ખાવાથી થોડું કાંઈ તમારું પેટ ભરાવાનું છે ? સો પૂરી ખાવાથીય તમારું પેટ ના ભરાય. એના કરતાં મારું ગીત પેટ ભરીને સાંભળતા હો તો કેવું સારું....'

હાથીશંકર પણ સંગીતના શોખીન હતા.

કહે : 'ઠીક તો એમ. સંભળાવો સરસ મજાનું ગીત. ગમશે તો રાજી થઈશ, નહિતર તને ખાઈ જઈશ.'

પૂરીએ ગાવા માંડ્યું :

'હું ડબકડૂબક પૂરી,
ગોળ ગોળ ઘૂમતી ફરું.
ડબકડૂબક નાચતી તરું.
ગોરને ભૂખ લાગી,
લાવ્યા લોટ માગી
ગોરાણીએ દીધી વણી,
તેલમાં વળી તળી,
થાળીમાંથી નાઠી,
ગોરને ઘેરથી ભાગી,
અને હવે તારી કનેથીય આ નાઠી....'

આમ કહેતાંને વાર પૂરી નાસી ગઈ.

હાથીશંકર સૂંઢ હલાવતા રહી ગયા.

પૂરી દોડતી હતી ત્યાં સામા મળ્યા શકરાભાઈ શિયાળ.

શકરાભાઈએ પૂરીને જોઈ.

એમના મોંમાં પાણી આવ્યું.

તેમણે મનમાં વિચાર્યું કે આ પૂરીને કોઈ બીજું ખાય તે પહેલાં હું જ ન ખાઉં?

શકરાભાઈએ પૂંછડી હલાવી પૂરીને પકડી લીધી.

શકરો કહે : 'એય પૂરી, હું બહુ ભૂખ્યો છું. હવે હું તને ખાઈ જવાનો.'

પૂરી કહે : 'મને ખાવાથી શો લાભ? એક પૂરી ખાવાથી થોડું કાંઈ તમારું પેટ ભરાવાનું છે? એના કરતાં મારું ગીત પેટ ભરીને સાંભળતા હો તો કેવું સારું.'

શકરો સંગીતનો શોખીન હતો. કહે, 'ઠીક તો એમ. સંભળાવો સરસ મજાનું ગીત. મને ગમશે તો રાજી થઈશ, નહિતર તને ખાઈ જઈશ.'

પૂરીએ ગાવા માડયું:

'હું ડબકડૂબક પૂરી,
ગોળ ગોળ ઘૂમતી ફરું,
ડબકડૂબક નાચતી તરું.
ગોરને ભૂખ લાગી,
લાવ્યા લોટ માગી,
ગોરાણીએ દીધી વણી,
તેલમાં વળી તળી,
થાળીમાંથી નાઠી,
ગોરને ઘેરથી ભાગી,
અને હવે તારી કનેથીય આ નાઠી ....'

આમ કહેતાંને વાર પૂરી નાસવા જતી હતી ત્યાં શકરો કહે: 'અહા, શું તારું ગીત? શો તારો અવાજ! પણ હું થોડોક બહેરો છું. મારી જીભ ઉપર બેસીને તું ગાય તો મને થોડું વધારે સંભળાય.'

પૂરી આમેય ફુલણજી હતી.

શકરાભાઈએ વખાણ કર્યાં એટલે તે ઘણી વધારે ફૂલાઈ. ઝટ શકરાભાઈની જીભ ઉપર ચઢી બેઠી. પછી ગાવા લાગી:

'હું ડબકડૂબક પૂરી,
ગોળ ગોળ ઘૂમતી ફરું,
ડબકડૂબક નાચતી તરું.
ગોરને ભૂખ લાગી,
લાવ્યા લોટ માગી,
ગોરાણીએ દીધી વણી,
તેલમાં વળી તળી,
થાળીમાંથી નાઠી,
ગોરને ઘેરથી ભાગી
અને હવે તારી કનેથીય ....'

હજી તો પૂરી પોતાનું ગીત પૂરું કરે ત્યાં શકરાભાઈએ જીભ મોંમાં ખેંચી લીધી.

શકરાભાઈ પૂરીને ખાઈ ગયા.

ડબકડૂબક પૂરી શકરાભાઈના પેટમાં પહોંચી ગઈ!

□

# ઘાસિયો ઘોડો

એક હતો ડોસો.
એક હતી ડોશી.
ડોસો જંગલમાં લાકડાં કાપવા જાય.
ડોશી ઘેર બેઠી સૂતર કાંતે.
બન્ને બહુ ગરીબ.
ડોશીને ચિન્તા થાય.

'હાથપગ ચાલે છે ત્યાં સુધી મહેનત કરીશું. મજૂરી કરીશું. પણ પછી શું? ઘરમાં તો કાણી કોડી પણ બચતી નથી.' આમ ડોશી ચિન્તા કરે.

એક દિવસ ડોશી કહે, 'ડોસા, મને એક ઘાસિયો ઘોડો બનાવી આપો. એને ગુંદર લગાડી બરાબર રાખજો.'

ડોશાની વાત સાંભળી ડોસો હસવા લાગ્યો.

ડોસો કહે, 'ઘાસિયા ઘોડાનું તને વળી શું કામ? તું થોડી કીકલી છે કે રમકડાં જોડે રમે?'

પણ ડોશીની તો એક જ વાત,
'મને ઘાસિયો ઘોડો બનાવી દો. ગુંદર ચોપડેલો ઘોડો.'

આખરે ડોસાએ સૂકાં ઘાસનો ઘોડો બનાવ્યો. ઘોડાના આખા શરીરે ગુંદર ચોપડી દીધો.

બીજા દિવસનું વહાણું વાયું.
ડોશી ઘાસિયા ઘોડાને સીમમાં લઈ ગઈ.
એક બાજુ ઘાસિયાને ઊભો રાખ્યો.
પોતે ઝાડ હેઠે બેઠી.
બેઠી બેઠી કાંતવા લાગી.
કાંતતી જાય અને બોલતી જાય :

'ઘાસિયા રે ઘાસિયા,
સીમમાં ચરવા જા.
તાજું, કુમળું ઘાસ ખા,
હું કાંતું ને તું ખા.'

કાંતતાં કાંતતાં ડોશીને ઝોકું આવ્યું. ડોશી ઝાડ હેઠે સૂઈ ગઈ.

ત્યાં ફરતા ફરતા રીંછારામ આવી પહોંચ્યા. સામે ઘાસિયાને ઊભેલો જોયો.

રીંછારામ કહે : 'અલ્યા, તું કોણ ?
આ જંગલમાં મેં તને પહેલાં ક્યાંય જોયો નથી.'

ઘાસિયો કહે, 'હું છું ઘાસિયો ઘોડો.
ગોળમટોળ ને ગુંદરિયો.'

રીંછારામ કહે, 'ભાઈ ગુંદરિયા, મને થોડો ગુંદર ન આપે? મારી પીઠે ઘા છે તે ગુંદર ચોપડવાથી મટી જશે.'

ઘાસિયો કાંઈ બોલ્યો નહીં.

ચૂપચાપ ઊભો રહ્યો, જાણે પૂતળું.

તેને આમ ઊભેલો જોઈ રીંછારામ આગળ આવ્યા. નખ વડે ગુંદરને ઘાસિયાની પીઠ ઉપરથી ખોતરવા લાગ્યા. ત્યાં તો જાતે જ ઘાસિયાને ચોંટી ગયા.

ઘાસિયાથી છૂટવા જાય પણ છૂટાય નહીં.

ઊલટા વધારે ચોંટે.

રીંછારામ હેરાન હેરાન.

ખેંચતાણ કરતા બન્ને ક્યાંના ક્યાં નીકળી ગયા.

ત્યાં ડોશી ઊંઘી ગઈ હતી તે જાગી. આસપાસ જુએ છે તો ઘાસિયો ક્યાંય દેખાતો નથી.

'હાય, હાય, આ શું ? મારો ઘાસિયો ક્યાં ગયો ?'

ડોશી તો રડવા લાગી.

કદાચ ઘેર જતો રહ્યો હશે એમ વિચારી ડોશી ઘેર જવા નીકળી.

રસ્તામાં જંગલ આવ્યું.

જુએ છે તો જંગલમાં ઘાસિયો છે. એની બાજુએ રીંછ વળગેલું છે.

ડોશી દોડતીકને ઘેર પહોંચી.

જઈને ડોસાને કહે, 'ડોસા રે ડોસા, ખરો તમાશો થયો છે. ઘાસિયે રીંછને પકડ્યું છે. રીંછને મારી નાખો.'

ડોસા જંગલમાં દોડ્યા. દોરડું ભેરવી રીંછને પકડી લીધું. ઘાસિયાને છૂટો કર્યો. ડોસાએ રીંછને વાડામાં પૂરી દીધું.

બીજા દિવસનું વહાણું વાયું.

ડોશી ઘાસિયા ઘોડાને લઈ સીમમાં ગઈ.
પોતે ઝાડ હેઠે બેઠી
બેઠી બેઠી કાંતવા લાગી.
કાંતતી જાય અને બોલતી જાય :

‘ ઘાસિયા રે ઘાસિયા,
સીમમાં ચરવા જા,
તાજું, કુમળું ઘાસ ખા,
હું કાંતું ને તું ખા.’

કાંતતાં કાંતતાં ડોશીને ઝોકું આવ્યું.
ડોશી ઝાડ હેઠે સૂઈ ગઈ.
ત્યાં તો ફરતા ફરતા વરુજી આવ્યા.
સામે ઘાસિયાને ઊભેલો જોયો.

વરુજી કહે, ‘અલ્યા, તું કોણ ?
આ જંગલમાં મેં તને પહેલાં ક્યાંય જોયો નથી.’

ઘાસિયો કહે, ‘ હું છું ઘાસિયો ઘોડો.
ગોળ મટોળ ને ગુંદરિયો.’

વરુજી કહે, ‘ ભાઈ ગુંદરિયા, મને થોડો ગુંદર ન આપે ? મને કૂતરાએ બચકું ભર્યું છે તે ગુંદર ચોપડવાથી મટી જશે.’

ઘાસિયો કહે : ‘ એમ વાત છે તો લઈ જા ગુંદર.’

વરુજી નખ વડે ઘાસિયાની પીઠ ઉપરથી ગુંદર ઓતરવા લાગ્યા.

ત્યાં તો જાતે જ ઘાસિયાને ચોંટી ગયા.
ઘાસિયાથી છૂટવા જાય પણ છૂટાય નહીં.
ઊલટા વધારે ચોંટે.
વરુજી હેરાન હેરાન.
ખેંચતાણ કરતા કરતા બન્ને ક્યાંના ક્યાં નીકળી ગયા.

ત્યાં ડોશી ઊંઘી ગઈ હતી તે જાગી.
આસપાસ જુએ છે તો ઘાસિયો ક્યાંય દેખાતો નથી.
ડોશી ચાલી ઘાસિયાને શોધવા.
રસ્તામાં જંગલ આવ્યું.
જુએ છે તો જંગલમાં ઘાસિયો ઊભો છે. એની પીઠે વરુજી વળગેલા છે.

ડોશી દોડતીકને ઘેર પહોંચી.

જઈને ડોસાને કહે, 'ડોસા રે ડોસા, ખરો તમાશો થયો છે. ઘાસિયે વરુજીને પકડયા છે. દોડો. વરુજીને મારી નાખો.'

ડોસા જંગલમાં દોડયા. દોરડું ભેરવી વરુજીને પકડી લીધા. ઘાસિયાને છૂટો કર્યો. વરુજીને વાડામાં પૂરી દીધા.

બીજા દિવસનું વહાણું વાયું.
ડોશી ઘાસિયા ઘોડાને લઈ સીમમાં ગઈ.
બેઠી બેઠી કાંતવા લાગી.
કાંતતી જાય અને બોલતી જાય :

'ઘાસિયા રે ઘાસિયા,
સીમમાં ચરવા જા,
તાજું કુમળું ઘાસ ખા,
હું કાંતું ને તું ખા.'

કાંતતાં કાંતતાં ડોશીને ઝોકું આવ્યું.
ડોશી ઝાડ હેઠે સૂઈ ગઈ.
ત્યાં તો ફરતા ફરતા સસારાણા આવ્યા.
સામે ઘાસિયાને ઊભેલો જોયો.

સસો કહે, ‘ અલ્યા, તું કોણ ?
આ જંગલમાં મેં તને પહેલાં ક્યાંય જોયો નથી.’

ઘાસિયો કહે, ‘ હું છું ઘાસિયો ઘોડો.
ગોળ મટોળ ને ગુંદરિયો.’

સસો કહે, ‘ ભાઈ ગુંદરિયા, મને થોડો ગુંદર ન આપે ?
કીડીઓએ ચટકા ભરી મારી ચામડી ઉતરડી લીધી છે.
તે ગુંદર ચોપડવાથી સારી થઈ જશે.’

ઘાસિયો કહે, ‘ એમ વાત છે તો લઈ જા ગુંદર.’

સસારાણા નખ વડે ઘાસિયાની પીઠ ઉપરથી ગુંદર ખોતરવા લાગ્યા.
ત્યાં તો જાતે જ ઘાસિયાને ચોંટી ગયા.
છૂટવા જાય પણ છૂટાય નહીં.
સસારાણા હેરાન હેરાન.
ખેંચતાણ કરતા કરતા બન્ને ક્યાંના ક્યાં નીકળી ગયા.

ત્યાં ડોશી ઊંઘી ગઈ હતી તે જાગી.
આસપાસ જુએ તે ઘાસિયો ક્યાંય દેખાતો નથી.
ડોશી ચાલી ઘાસિયાને શોધવા.
રસ્તામાં જંગલ આવ્યું.
જુએ છે તો રસ્તામાં ઘાસિયો ઊભો છે.

એની પીઠે સસારાણા વળગેલા છે.
ડોશી દોડતીકને ઘેર પહોંચી.

જઈને ડોસાને કહે, 'ડોસા રે ડોસા, ખરો તમાશો થયો છે. ઘાસિયે સસાને પકડયો છે. દોડો. સસાને મારી નાખો.'

ડોસા જંગલમાં દોડયા. દોરડું ભેરવી સસાને પકડી લીધો. ઘાસિયાને છૂટો કર્યો. ડોસાએ સસાને વાડામાં પૂરી દીધો.

બીજા દિવસનું વહાણું વાયું.

ડોસો ગયો વાડે.

ઝાંપા આગળ બેઠો બેઠો છરી ઘસવા લાગ્યો.

એને છરી ઘસતો જોઈ રીંછારામ કહે, 'ડોસા, બેઠા બેઠા છરી કેમ ઘસો છો?'

ડોસો કહે, 'તને હું મારી નાખીશ.
તારા વાળમાંથી ડગલો બનાવીશ.
શિયાળામાં ડગલો પહેરીશ,
પહેરીને ટાઢ ભગાડીશ.
ચલ, હો જા તૈયાર!'

ડોસાની વાત સાંભળી રીંછારામ ગભરાયા.
હાથ જોડી બોલ્યા: 'ડોસા, એવું કરશો નહીં.
પાપમાં પડશો નહીં.
મને છોડી દેશો તો મીઠું મધ આણી દઈશ.'
ડોસા કહે, 'એમ વાત છે? તો જા,
પણ મધ લાવવાનું ભૂલીશ નહીં.'
રીંછારામ કહે: 'તમે મારા જીવનદાતા.
મધ લાવવાનું નહીં ભૂલું.'

ડોસાએ રીંછારામને છોડી મૂકયો.

રીંછારામ જંગલમાં દોડી ગયો.

ડોસો બેઠો ઝાંપે.

બેઠો બેઠો છરી ઘસવા લાગ્યો.

એને છરી ઘસતો જોઈ વરુજી કહે, ‘ડોસા, બેઠા બેઠા છરી કેમ ઘસો છો ?’

ડોસા કહે : ‘તને હું મારી નાખીશ.
તારા વાળમાંથી ટોપી બનાવીશ.
શિયાળામાં ટોપી પહેરીશ.
પહેરીને ટાઢ ભગાડીશ.
ચલ, હો જા તૈયાર !’

ડોસાની વાત સાંભળી વરુજી ગભરાયા.

હાથ જોડી બોલ્યા : ‘ડોસા, એવું કરશો નહીં.
પાપમાં પડશો નહીં.
મને છોડી દેશો તો બાર ઘેટાં આણી દઈશ.’

ડોસા કહે, ‘એમ વાત છે ? તો જા.
પણ ઘેટાં લાવવાનું ભૂલીશ નહીં.’

વરુજી કહે : ‘તમે મારા જીવનદાતા.
ઘેટાં લાવવાનું નહીં ભૂલું.’

ડોસાએ વરુજીને છોડી મૂકયા.

વરુજી જંગલમાં દોડી ગયા.

ડોસો બેઠો ઝાંપે.

બેઠો બેઠો છરી ઘસસા લાગ્યો.

એને છરી ઘસતો જોઈ સસારાણા કહે, 'ડોસા, બેઠા બેઠા છરી કેમ ઘસો છો?'

ડોસો કહે: 'તને હું મારી નાખીશ.
તારા વાળમાંથી નરમ જૂતાં બનાવીશ.
શિયાળામાં જૂતાં પહેરીશ.
પહેરીને ટાઢ ભગાડીશ.
ચલ, હો જા તૈયાર.'

ડોસાની વાત સાંભળી સસારાણા ગભરાયા.
હાથ જોડી બોલ્યા: 'ડોસા, એવું કરશો નહીં.
પાપમાં પડશો નહીં.
મને છોડી દેશો તો ગાજરનો ઢગલો આણી દઈશ.'

ડોસા કહે, 'એમ વાત છે! તો જા – પણ ગાજર લાવવાનું ભૂલીશ નહીં.'

સસારાણા કહે: 'તમે મારા જીવનદાતા.
ગાજર લાવવાનું નહીં ભૂલું.'

બીજા દિવસનું વહાણું વાયું.
ડોસાને દરવાજે ટકોરા પડ્યા.
ડોસો કહે, 'એ કોણ?'
બહારથી કોઈ બોલ્યું:
'એ તો હું રીંછારામ.
મીઠું મીઠું મધ લાવ્યો છું. દરવાજા ઉઘાડો.'
ડોસાએ દરવાજા ઉઘાડ્યા.
ડોસાએ મધ લીધું.
ડોશીએ મધને બરણીમાં ઠાલવ્યું.

ત્યાં દરવાજે ટકોરા પડ્યા.
ડોસો કહે, 'એ કોણ?'
બહારથી કોઈ બોલ્યું :
'એ તો હું વરુજી.
બાર ઘેટાં લાવ્યો છું. દરવાજા ઉઘાડો.'

ડોસાએ દરવાજા ઉઘાડ્યા.
ડોસાએ ઘેટા લીધાં.
ડોશીએ તેમને વાડામાં પૂરી દીધાં.

ત્યાં દરવાજે ટકોરા પડ્યા
ડોસો કહે : 'એ કોણ?'
બહારથી કોઈ બોલ્યું :
'એ તો હું સસો.
ઢગલો ગાજર લાવ્યો છું, દરવાજા ઉઘાડો.'

ડોસાએ દરવાજા ઉઘાડ્યા.
ડોસાએ ગાજર લીધાં.
ડોસા–ડોશી ખુશ ખુશ.

ડોસાએ ઘેટાં વેચી બે બળદ લીધા.
ખેતી કરીને અનાજ પકવ્યું.
ઘાસિયો ઘોડો ખેતરમાં ઊભો ઊભો ચોકી કરવા લાગ્યો.
ખેતરમાં કોઈ ઘૂસી જાય તો ઘાસિયો તેને ચોંટી જાય.
ડોસા-ડોશીની ચિન્તા ટળી ગઈ.
તેમણે ખાઈ પીને ખૂબ લહેર કરી.

□

# હોલાભા અને હાથીભાઈ

એક જંગલ.

જંગલમાં એક મજાનું સરોવર.

સરોવરની પાળે આંબાનું એક ઘટાદાર મોટું ઝાડ....

ઝાડમાં એક માળો.

માળામાં એક હોલો રહે.

એક હોલી રહે.

કૂકડો બોલે ત્યાં બેય જણ જાગી જાય.

જાગીને સરોવરપાળે નાહવા જાય.

નાહતાં જાય અને પાંખો ખંખેરતાં જાય.

ક્યાંય સુધી આ રમત ચાલે.

પછી બન્ને જણ ચણવા જાય.

આસપાસનાં ખેતરોમાંથી ચણ ચણી લાવે.

થોડુંક ખાય, થોડુંક ખૂણે સાચવી મૂકે.

પછી બન્ને જણ આંબાની ડાળે બેઠાં બેઠાં હીંચે.

કલબલ કરે, મોજ કરે.

એક દિવસ હોલાભા ચણ ચણવા ઊપડ્યા.

હોલીબા ઘરબેઠાં હીંચકે ઝૂલવા લાગ્યાં.

હૈસો હૈસો હીંચકા ખાય છે.

મીઠો મીઠો પવન વાય છે.

હોલીબા ખુશીનાં ગીત ગાય છે.

ત્યાં સરોવરની પાળેથી મોટો અવાજ સંભળાય છે.
'હં....હં....હં....હુંઉં....હુંઉં....'
હોલીબા અવાજ સાંભળી ગભરાઈ ગયાં.
હીંચકે ઝૂલવું બંધ કર્યું.
ગાણું ગાવું બંધ કર્યું.
એમની આંખો પહોળી થઈ ગઈ.
એમની પાંખો ફફડી ઊઠી.
ત્યાં તો જોર જોરથી વરસાદ વરસતો હોય તેમ પાણી પડવા લાગ્યું.
હોલીબા તો પાણીથી તરબોળ.
ટાઢ એવી લાગે કે થર થર કંપે.
પાંખ સંકોરી બેઠાં બેઠાં ધ્રૂજે.
આંખ ખોલીને જોવાનીય હિંમત નહીં.
થોડી વારે આંખો ખોલી.
સામે જુએ છે તો કાળું મોટું વાદળ દેખાયું.
હોલીબા વિચારે છે કે હુંય મૂઈ વાદળ જોઈને બી મરી.

ત્યાં તો વાદળમાંથી ફરી અવાજ આવ્યો.
હં....હં....હું....ઉં....હું....ઉં....હં....
અને પછી પાણીના ફુવારા ઊડવા લાગ્યા.
આસપાસ બધેબધ પાણી જ પાણી.
થોડી વાર રહીને વાદળ ખસી ગયું.
હોલીબા ધ્રૂજતાં ધ્રૂજતાં માળામાં લપાઈ ગયાં.
બેઠાં બેઠાં હોલાભાની રાહ જોવા લાગ્યાં.

ત્યાં હોલાભાઈ ચણ લઈને માળે આવ્યા.
જુએ છે તો હોલીબા લપાઈને ખૂણામાં બેઠાં છે.
છાનામાનાં રુએ છે.
હીબકાં ભરે છે.

હોલાભા કહે : 'હોલીબા, રુઓ કેમ?
આંખો તમારી ચૂએ કેમ?'

જવાબમાં હોલીબાએ જોરથી હીબકાં ભરવા માંડયાં.

હોલાભા કહે : 'હીબકાં ભર્યે શું મળશે?
રોવાથી શું વળશે?
કાંઈ બોલો તો સમજાય.'

હોલીબા કહે : 'આભલેથી કાળું વાદળ આવ્યું'તું,
જોડે લાંબી નળી લાવ્યું'તું,
હું....અં....હું....ઉં બોલતું'તું,
પાણી જોરમાં છોડતું'તું,
હું તો બા, બીકની મારી મરી ગઈ.'

હોલાભા કહે : 'વાદળ દેખાવે કેવું હતું?'

હોલીબા કહે : 'કાળું કાળું ભમ્મર જેવું,
ચાર થાંભલે ટેકવેલું,
ગોળ ભંભોળ ગણેશ જેવું,
મોંએ નળી લગાવેલું,
નવતર વાદળ હતું તો.'

હોલાભાઈ હસીને કહે : 'ગાંડી રે ગાંડી, એ વળી વાદળ શાનું? એ તો હાથીભાઈ સૂંઢાળા. સરોવરપાળે નાહવા

આવ્યા હશે. એમાં ગભરાવું કેવું ?'

હોલીબા કહે : 'શું તમે હાથીભાઈથી ડરતા નથી?'

હોલાભા ચાંચ ઊંચી કરી ગરદન મરોડી કહે :

'જરાયે નહીં, અમે હાથીભાઈથી ડરીએ નહીં.
હાથીભાઈના બાપથીય ડરીએ નહીં.
પીઠ ફેરવી ભાગીએ નહીં,
અમે તો હોલાભા હિમ્મતવાળા.'

હોલીબા ખુશ થતાં કહે : 'તો તો બહુ સારું. હવે સૂંઢાળો અહીં આવે ત્યારે તમે એને મારી નાખજો.'

હોલાભા છાતી ફુલાવી કહે : 'અરે એમાં શી મોટી
વાત છે? જરૂર એને મારી નાખીશ.'

હોલીબા કહે : 'ક્યારે હાથીભાઈને મારી નાખશો ?'

હોલાભા કહે : 'ક્યારે શું વળી ? કાલ ને કાલ જ એને
મારી નાખીશ.'

હોલીબા ખુશ ખુશ, હાશ, હવે નિરાંતે હીંચકા ખાઈશ. હોલીબાને મનથી તો હાથીભાઈ મરી જ ચૂકયા.

બીજા દિવસનું વહાણું વાયું.

હોલીબા ને હોલાભા,
ઘરબેઠાં હીંચકે ઝૂલે છે.
હૈસા હૈસો હીંચકા ખાય છે.
મીઠો મીઠો પવન વાય છે.
હોલીબા ને હોલાભા,
ખુશીનાં ગીત ગાય છે.

ત્યાં દૂરથી હાથીભાઈ આવ્યા.
ડોલતા ડોલતા આવે છે.
સૂંઢ હલાવતા હલાવતા આવે છે.
કાન ફફડાવતા ફફડાવતા આવે છે.

હાથીભાઈને આવતા જોઈને હોલો કહે :
'હોલી રે હોલી, એ આવ્યો દુંદાળો,
મસમોટો સૂંઢાળો.'

હોલીબા બીતાં બીતાં કહે : 'હવે શું કરીશું ?'
હોલાભા છાતી ફુલાવી કહે : 'શું કરીશું તે દુંદાળાને મારી નાખીશું. તું અહીં બેઠી બેઠી જોજેને.'
હોલાભા ઊડ ઊડા ઊડ ઊડી ગયા.
ઝટ એક વેલને ચાંચમાં પકડીને ખેંચી લાવ્યા.
હોલીબા બેઠાં હતાં તે આંબાની ડાળે વેલના એક છેડાને લપેટી દીધો.
બીજો છેડો ચાંચમાં લઈ હોલાભા સામે ઊભેલા પીપળાના ઝાડ ઉપર જઈને બેઠા.

હોલાભા કહે : 'હવે જોજે સૂંઢાળાની મજા.
કરું એને મોટી સજા.
વેલ પગે ભેરવાતાં જ જોજે કેવો પછડાય છે.
પછડાતાંને વાર જોજે કેવો મરી જાય છે.'

હોલીબાએ કલબલાટ કરી પોતાનો આનંદ બતાવ્યો.
ત્યાં તો હાથીભાઈ સૂંઢાળા સૂંઢ હલાવતા આવી પહોંચ્યા.

એમને પગે વેલ ભેરવાઈ.
પણ હાથીભાઈ પડે તો એ સૂંઢાળા શેના?
હાથીભાઈ કાળા.
જાતે જાડાપાડા.
જાણે કાંઈ બન્યું જ નથી એમ ચાલ્યા આગળ.
આગળ અને આગળ.
ત્યાં તો વેલ ખેંચાઈ.

હોલાભા મોંમાંથી વેલ છોડે નહીં, એમને તો હાથીભાઈને પછાડવાના કોડ હતા.

ત્યાં તો વેલ તણાઈ. વેલ ભેગા હોલાભા પણ જમીન ઉપર પડયા.

વેલ જેમ તણાય તેમ હોલાભાના શરીરે વીંટાતી જાય.

હોલીબા ડાળ ઉપર બેઠાં બેઠાં તમાશો જુએ.

મનમાં વિચારે : 'વાહ રે હોલા, વાહ મારા ધણી
તારી હિમ્મત ઘણી,
મરદ મૂછાળો વળી,
હવે હાથીભાઈની આવી બની.'

હોલીબા આમ વિચારે છે.
હોલાભા તણાયે જાય છે.
હોલીબા જુએ છે અને ખુશ થાય છે.

'રંગ મારા ધણીને!
રંગ છે ભડવીર તને!

સૂંઢાળો તને જોઈને ભાગે છે છતાં તું એની પૂંઠ પકડે છે! વાહ, વાહ! વાહ, વાહ!

આજે હું દાળાનું જરૂર મોત થવાનું,'
ત્યાં તો સૂંઢાળાએ સરોવરમાં પગ મૂકયો.
વેલનો બીજો છેડો તણાયો.
એક કડાકો, એક ધડાકો.
ડાળ ભેગાં હોલીબા પણ નીચે પડયાં, ધડાકધૂમ!
હોલીબા વેલમાં લપેટાયાં, ભેગાં ઘસડાયાં.
હોલીબાની પાંખ તૂટી ગઈ.
રોતાં જાય અને કહેતાં જાય:
'રઢિયાળા છાંડો રંગ,
આ વેલે કરી મને તંગ.'
હોલાભાએ પાછળ ફરી એક વાર જોયું.
હોલીબાને જોઈને તેમણે દયા આવી,
હોલાભા કહે: 'હું તો છાંડું રંગ,
પણ સૂંઢાળો છોડતો નથી સંગ.'
આટલી વાત થઈ ત્યાં તો હાથીભાઈ પાણીમાં નાહવા ઊતર્યા.
સૂંઢ વડે પાણી ઉડાડવા લાગ્યા.
હોલાભા પાણીમાં હાથીભાઈ ભેગા ઘસડાયા,
તણાયા અને ડૂબી ગયા.
ઘાયલ હોલીબા જમીન ઉપર માથું પછાડી રડવા લાગ્યાં.
રોતાં જાય અને કહેતાં જાય,
'વિના ગુંજાશ,
બળિયા જોડે ભીડવી ન બાથ.'

□

# કા કા કાગભાઈ અને બેગમ બિલ્લી

એક કા કા કાગભાઈ.

બેગમ બિલ્લીના માનીતા અને વળી જાણીતા.

કાગભાઈ અને બેગમ બિલ્લી સાથે રહે.

બેગમ બિલ્લી સારંગી વગાડે.

કાગભાઈ કા કા કરતાં ગીતો ગાય.

બેગમ બિલ્લી ખોરાકની શોધમાં જાય.

કાગભાઈ ઘર સંભાળે.

પડ્યું ખડ્યું ઉપાડી લે.

વધ્યું સધ્યું ખાઈ જાય.

બિલ્લીનું ઘર આપમેળે ચોખ્ખું ચણાક થઈ જાય.

એક દિવસ બેગમ બિલ્લી બહાર જવા નીકળી.

જતાં પહેલાં કાગભાઈને કહે :

'કાકજી, કોઈને ઘરમાં પેસવા દેશો મા.
બોલાવે તો બોલશો મા.
ઘરની બહાર પગ મેલશો મા.'

કાગભાઈ કહે : 'હું કાગજી, ઘરનો ચોપદાર.
ચોપદાર અને છડીદાર.
ઘરમાં કોઈને આવવા દઉં નહીં.
બોલાવે તો બોલું નહીં.
બહાર પગ મેલું નહીં.

એગમ ચિન્તા કરજો મા.

હું અહીં બેઠો કા, કા, કા.”

બેગમ બિલ્લીને નિરાંત વળી.

તે બહાર જવા નીકળી.

ત્યાં ફરતા ફરતા આવ્યા શકરાજી શિયાળ.

એમની નજર કાગભાઈ ઉપર પડી.

જાડા પાડા કાકજીને જોઈ શકરાભાઈના મોંમાં પાણી આવ્યું.

કાગભાઈને પકડીને ખાઈ જવા શકરાનું મન લલચાયું.

શકરાભાઈ બહારથી ડોક ઊંચી કરીને કહે :

‘ કાકા કાકભાઈ,

હું છું શકરાભાઈ.

આપણ બે દોસ્ત દોસ્ત.

ચાલો ભેગા ફરવા જઈએ.

ખાઈપીને મજા કરીએ.”

કાગભાઈ કહે : ‘ના રે ભાઈ ના,

તું તારે જા,

પેટ ભરીને ખા.

હું બેગમનો ચોપદાર.

ચોપદાર ને છડીદાર,

વચન પાળનાર વફાદાર.

હું નહીં આવું તારી જોડે.’

શકરાભાઈ નિરાશ થઈને ત્યાંથી જતા રહ્યા.

કાગભાઈ ખાવાને મળ્યા નહીં તેથી એમને દુઃખ થયું.

શકરાભાઈએ યુક્તિ કરી.
રસ્તામાં એક ખેતર આવ્યું.
શકરાભાઈ છીંડું પાડી ખેતરમાં ઘૂસ્યા.
ખેતરમાં ચકલીને ચણતી દીઠી.
શકરાએ મારી તરાપ.
ચકલી પડી ફડાક.
શકરે ચકલીને કોથળામાં ઘાલી દીધી.
શકરો મરેલી ચકલીને લઈને ગયો ઘેર.

બીજા દિવસનું વહાણું વાયું.
બેગમ બિલ્લી ખાવાનાની શોધમાં બહાર નીકળી.
શકરાભાઈ બિલ્લીને ઘેર પહોંચી ગયા.
કોથળામાંથી ચકલી કાઢી.
કાઢીને કાકજીની નજર પડે તેવી જગ્યાએ મૂકી દીધી.
પછી પોતે ઝાડની ઓથે લપાઈ ગયા.

કાગભાઈ ગાતા જાય.
ગાતા જાય ને ઘર સાફ કરતા જાય.
'કા, કા' કરતા બારી ઝાપટે ત્યાં સામે મરેલી ચકલી જોઈ.
કાકજીના મોંમાં પાણી આવ્યું.
ખાઉં ખાઉં થઈ ગયું.
કાગભાઈ મનમાં વિચારે છે:

કેવી મજાની ચકલી છે!
લાવ એને ખાઈ જાઉં,
અહીં કોઈ જોનાર નથી,
નથી કોઈ પૂછનાર.

એગમ બિલ્લીને નથી કોઈ કહેનાર.
ચાંચમાં ચકલી પકડીને વહેલો અંદર આવતો રહીશ.
આ એક વાર બહાર જાઉં, બીજી ફેરા નહીં જાઉં.
આવી મજાની ચકલી કાંઈ વારંવાર મળવાની છે?

કા કા કાગભાઈ બારીમાંથી ડોકાયા.

આમ જુએ, તેમ જુએ,
દૂર જુએ, નજીક જુએ,
ઉપર જુએ, નીચે જુએ,
ખૂણે જુએ, ખાંચરે જુએ.

કોઈ દેખાયું નહીં એટલે કાકજી ઊડીને બગીચામાં ગયા.
ત્યાં તો શકરાભાઈએ પાછળથી આવીને મારી તરાપ.
કાગભાઈને ગરદનમાંથી ઝાલીને કોથળામાં પૂરી દીધા.
કાકજી કા કા કરે. કકળાટ કરે. પણ હવે શું વળે?

આખે રસ્તે કાગભાઈ બૂમાબૂમ કરે :

'એગમ બિલ્લી ધાજો રે ધાજો,
શકરો પૂછડિયો જાડો પાડો,
બગાડચો એણે મારો દા'ડો,
એ મને ખેંચી જવાનો,
ખેંચી જઈને ખાઈ જવાનો,
ધાજો એગમ ધાજો.'

પણ એગમ બિલ્લી કાગભાઈની વાણી કયાંથી સાંભળે? તે તો દૂર દૂર ખોરાકની શોધમાં ગયાં હતાં ખરાંને?

ઘેર આવીને જુએ તો બધું સુમસામ.
કાગભાઈ ન મળે એટલે 'કા, કા' કોણ કરે ?
એગમ બિલ્લી આમ જુએ, તેમ જુએ,
દૂર જુએ, નજીક જુએ,
ઉપર જુએ, નીચે જુએ,
ખૂણે જુએ, ખાંચરે જુએ.
પણ કાકજી હોય તો મળેને ?
એગમ બિલ્લી બહાર નીકળ્યાં.
જુએ તો ઝાડ નીચે શકરાભાઈનાં પગલાં પડેલાં.
એગમ બિલ્લીને બધી વાત સમજાઈ.
નક્કી શકરો મારા કાકજીને ઉપાડી ગયો.
એગમ બિલ્લી રોવા લાગ્યાં.
મ્યાઉં મ્યાઉં કરવા લાગ્યાં.
પણ રોવે શું વળે ?
મ્યાઉં મ્યાઉં કરવાથી થોડું જ કાંઈ માળવે જવાય ?
એગમ બિલ્લી ઊભાં થયાં.
હાથમાં ઝાલી ઝોળી.
ઝોળીમાં મૂકી સારંગી.
ઝટ ચાલ્યાં શકરાને ઘેર.
ત્યાં પહોંચીને ઝાડ ઓથે લપાઈ ગયાં.
શકરો બજારે જવા નીકળ્યો.
શકરાને બે દીકરીઓ અને એક દીકરો.
ત્રણેને નજીક બોલાવ્યાં.

બોલાવીને કહ્યું : ‘છોરાં, કાકાને કોથળામાંથી કાઢશો નહીં. પાણી ઉકાળી તૈયાર રાખજો. હું બજારે જાઉં છું. મરી મસાલો લાઉં છું. કાગભાઈને ગરમ પાણીમાં રાંધીશું. ખાઈશું, પીશું ને મોજ કરીશું.’

શકરાભાઈની વાત સાંભળી છોકરાંઓએ પૂંછડી હલાવી.

જીભ વડે મોં ચાટયું. આનંદથી બૂમો મારી.

શકરાભાઈ કહે : ‘જોજો કોઈને ઘરમાં આવવા દેતાં નહીં.’

છોકરાં કહે : ‘નહીં આવવા દઈએ, નહીં આવવા દઈએ.’

શકરાભાઈ હાથમાં ઝોળી પકડીને બજારે જવા ઊપડયા.

ત્યાં બેગમ બિલ્લી આવી પહોંચ્યાં.

કોથળામાંથી સારંગી કાઢી. મધુર અવાજે ગાવા લાગ્યાં. ગાતાં જાય ને વગાડતાં જાય.

‘શકરાભાઈની હવેલીએ ઊંચી અટારી.
શકરાની પુત્રીઓ ગોરી ઘટમારી.
શકરાનો પુત છે ઊંચો ને પહોળો,
જાણે મોટો અરબનો ઘોડો.
આવો બાળુડાં આવો બહાર,
સંભળાવું સુંદર ગીતો બે ચાર.’

શકરાની મોટી દીકરીએ ગીત સાંભળ્યું.

સાંભળતાંવેંત તે ખુશ થઈ ગઈ.

પોતાના નાના ભાંડુડાંને કહે :

‘તમે અહીં જ રહેજો. હું બહાર જઈને હમણાં જ આવી. જોઉં તો ખરી કોણ આવું સરસ ગીત ગાય છે?’

મોટી ઝટપટ બહાર ગઈ.

જેવી બહાર આવી તેવો જ બેગમ બિલ્લીએ તેના માથા ઉપર સારંગી વડે ઘા કર્યો.

મોટી તમ્મર ખાઈને ભોંયે પડી.

બેગમ બિલ્લીએ તેને કોથળામાં પૂરી દીધી.

ફરી પાછાં બેગમ બિલ્લી મધુર અવાજે ગાવા લાગ્યાં. ગાતાં જાય ને વગાડતાં જાય :

'શકરાભાઈની હવેલીએ ઊંચી અટારી,
શકરાની પુત્રીઓ ગોરી ઘટમારી.
શકરાનો પુત છે ઊંચો ને પહોળો,
જાણે મોટો અરબનો ઘોડો.
આવો બાળુડાં આવો બહાર,
સંભળાવું સુંદર ગીતો બે ચાર.'

શકરાની નાની દીકરીએ ગીત સાંભળ્યું.

સાંભળતાંને વાર તે ખુશ થઈ ગઈ.

પોતાના નાના ભાઈને કહે : 'તું અહીં જ રહેજે. હું બહાર જઈને હમણાં જ આવી. જોઉં તો ખરી કોણ આવું સરસ ગીત ગાય છે?'

નાની ઝટપટ બહાર ગઈ.

જેવી બહાર આવી તેવી જ બેગમ બિલ્લીએ તેના માથા ઉપર સારંગી વડે ઘા કર્યો.

નાની તમ્મર ખાઈને ભોંયે પડી.

બેગમ બિલ્લીએ તેને કોથળામાં પૂરી દીધી.

બન્ને બહેનો આવી નહીં એટલે શકરાના દીકરાને ચિન્તા થવા લાગી.

તે વિચારવા લાગ્યો કે 'મારી બહેનો ક્યાં ગઈ હશે? બાપુજી આવશે અને એમને જોશે નહીં તો મને વઢશે. લાવ બહાર જઈને એમને બોલાવી લાવું.'

શકરાનો દીકરો ઝટપટ બહાર ગયો.

જેવો બહાર ગયો તેવો જ બેગમ બિલ્લીએ તેના માથા ઉપર સારંગી વડે ઘા કર્યો.

દીકરો તમ્મર ખાઈને ભોંયે પડ્યો.

બેગમ બિલ્લીએ તેને કોથળામાં પૂરી દીધો.

કોથળાનું મોં બાંધી દીધું.

કોથળાને એક ઝાડની ડાળ ઉપર લટકાવ્યો.

પછી બેગમ બિલ્લી શકરાભાઈના ઘરમાં પેઠાં.

કા કા કાગભાઈને કોથળામાંથી બહાર કાઢ્યા.

બેગમ બિલ્લી અને કા કા કાગજીએ મળીને દેગમાંનું પાણી ઢોળી નાખ્યું.

શકરાના ઘરમાં હતું તે બધું ખાવાનું ખાઈ ગયાં.
શકરાનાં હાંડલાં તોડી નાખ્યાં.

પછી બેગમ બિલ્લી અને કાગજીભાઈ ત્યાંથી નાસી છૂટ્યાં.

તે દિવસથી કાગજીભાઈ કહ્યાગરા બન્યા.

સાચા ચોપદાર બન્યા.

ચોપદાર અને છડીદાર.

ઉંદરવાસને નાકે આવેલા બિલ્લીબંગલા આગળથી કોઈ વાર તમે પસાર થાઓ તો કા કા કાકજીને ચોકી કરતા જોવાનું ચૂકશો નહીં.

□

# કતારગામના કુત્તાજી

એક હતું કુરકુરિયું.

એનાં માબાપ મરી ગયાં હતાં.

કુરકુરિયું ક્યાંઉં ક્યાંઉં કરે.

રાત દહાડો રડે.

ત્યાં શકરાજી શિયાળે કુરકુરિયાંને જોયું. જોઈને શકરાજીનો જીવ બળ્યો.

શકરાજી કુરકુરિયાંને કોથળે ઘાલી ઘેર લઈ આવ્યા. શિયાળવીને કહે :

‘લે તારે દીકરો જોઈતો હતોને?
તે આ તારો દીકરો.
એને પાળી પોષી મોટો કરજે.
દૂધ દઈને તગડો બનાવજે.’

શિયાળવીએ કુરકુરિયાંને પાળ્યું પોષ્યું.
દૂધ પીવડાવીને તગડું કર્યું.
મોટું થયું એટલે એનું નામ પાડ્યું કુત્તાજી.

શકરાજી શિયાળ એને કતારગામથી ઉપાડી લાવેલા એટલે મોટું થતાં કુરકુરિયું કહેવાયું કતારગામના કુત્તાજી.

મોટા થતાં કુત્તાજીને શિયાળવાંનો સંગ ગમે નહીં. રોજ રોજના રઝળપાટ એમને રુચે નહીં.

વનવગડે ભમતા ફરવાનું, શિકારની શોધમાં રખડયા કરવાનું, વાઘસિંહથી ડરતા રહેવાનું કુત્તાજીને કેમ ગમે?

કુત્તાજી કંટાળ્યા.

કુત્તાજી બોલતા નથી.

ચાલતા નથી.

ખાતા નથી,

પીતા નથી.

ઠેકડા ભરતા નથી.

પૂરું ભસતા નથી.

એક દહાડો કુત્તાજીએ વિચાર કર્યો કે દુનિયામાં જે સૌથી બળિયો હશે તેને હું માલિક ગણીશ. વફાદારીથી સેવા કરીશ.

કતારગામના કુત્તાજી,
હાથમાં લીધી લાકડીજી,
ચાલ્યા સરદારની શોધમાંજી.

ત્યાં સામા મળ્યા હાથીભાઈ સૂંઢાળાજી.

ડોલતા ડોલતા આવે,
સૂંઢ હલાવતા આવે,
કાન ફફડાવતા આવે.

હાથીભાઈ કુત્તાજીને જોઈને કહે: 'અલ્યા, તું કોણ છે?'

કુત્તાજી ડોક ઊંચી કરી છાતી ફુલાવી કહે:

'અમે કતારગામના કુત્તાજી,
અમે કર્યો છે વિચાર,

જગમાં બળિયા જે એ ચાર,
કહીશું તેમને સરદાર,
માલિક ગણીશું, માથું ધરીશું, રહીને ખબરદાર.
બોલો હાથીભાઈ, બનશો કે સરદાર?'

કુત્તાજીની વાત સાંભળી હાથીભાઈ તો ડોલવા લાગ્યા. સૂંઢ હલાવી કહે :

'કતારગામના કુત્તાજી,
અમે બનીશું તમારા સરદારજી,
હો જાઓ હોંશિયાર, ખબરદાર!'

આગળ ચાલ્યા હાથીભાઈ,
પાછળ ચાલ્યા કુત્તાજી.
હોંશિયાર ને ખબરદાર!

ત્યાં તો કાંઈ ખખડાટ થયો.
હાથીભાઈ ચાલતા થંભી ગયા.
હાથીભાઈ કહે :

'કતારગામના કુત્તાજી,
સામેથી આવે વરુજી,
હવે માંડો દોડવા. જીવ લઈને ભાગવા.'

કુત્તાજી કહે : 'હાથીભાઈ, તમે ભાગો તો તમે મારા સરદાર નહીં. હું તો બળિયાનો ચાકર, વરુજી તમારાથી વધારે બળિયા ઠર્યા. હું હવેથી એમની ચાકરી કરીશ.'

હાથીભાઈ કહે : 'તો તું જાણે ને તારું નસીબ જાણે. હું તો આ નાઠો.'

હાથીભાઈ તો નાઠા.
કુત્તાજી એકલા રહ્યા.

સામેથી આવ્યા વરુજી.
પટ પટ દોડતા આવે,
પૂંછડી હલાવતા આવે,
જીભ મટમટાવતા આવે.

વરુજી કુત્તાને જોઈને કહે : 'અલ્યા, તું કોણ છે?'

કુત્તાજી ડોક ઊંચી કરી છાતી ફુલાવી કહે :

'અમે કતારગામના કુત્તાજી,
અમે કર્યો છે વિચાર,
જગમાં બળિયા જે બે ચાર,
કહીશું તેમને સરદાર.
માલિક ગણીશું, માથું ધરીશું, રહીને ખબરદાર,
બોલો વરુજી, બનશો કે સરદાર?'

કુત્તાજીની વાત સાંભળી વરુજી તો કૂદવા લાગ્યા. પૂછડી પટપટાવી કહે :

'કતારગામના કુત્તાજી,
અમે બનીશું તમારા સરદારજી,
હો જાઓ હોશિયાર, ખબરદાર!'

આગળ ચાલ્યા વરુજી.
પાછળ ચાલ્યા કુત્તાજી.
હોશિયાર ને ખબરદાર.

ત્યાં તો કાંઈ ખખડાટ થયો.

વરુજી ચાલતા થંભી ગયા.
નાક નમાવી સૂંઘવા લાગ્યા.
પૂંછડી દબાવી કહેવા લાગ્યા :

'કતારગામના કુત્તાજી,
સામેથી આવે રીંછારામજી.

હવે માંડો દોડવા, જીવ લઈને ભાગવા.'

કુત્તાજી કહે : 'વરુજી, ભાગો તો તમે મારા સરદાર નહીં. હું તો બળિયાનો ચાકર. રીંછારામજી તમારાથી વધારે બળિયા ઠર્યા. હું હવેથી એમની ચાકરી કરીશ.'

વરુજી કહે : 'તો તું જાણે ને તારું નસીબ જાણે. હું તો આ નાઠો.'

વરુજી તો નાઠા.
કુત્તાજી એકલા રહ્યા.
ત્યાં સામેથી આવ્યા રીંછારામજી.
આમ તેમ જોતા આવે,
કું કું કરતા આવે,
ધસમસ દોડતા આવે.

રીંછારામજી કુત્તાજીને જોઈને કહે : 'અલ્યા, તું કોણ છે?'

કુત્તાજી ડોક ઊંચી કરી, છાતી ફુલાવી કહે :

'અમે કતારગામના કુત્તાજી,
અમે કર્યો છે વિચાર,
જગમાં બળિયા જે એ ચાર,
કહીશું તેમને સરદાર.

માલિક ગણીશું, માથું ધરીશું, રહીને ખબરદાર
બોલો રીંછારામજી, બનશો કે સરદાર?'

કુત્તાજીની વાત સાંભળી રીંછારામ તો નાચવા લાગ્યા. કું કું કુંફાડા મારતાં કહે :

'કતારગામના કુત્તાજી,
અમે બનીશું તમારા સરદારજી,
હો જાઓ હોશિયાર, ખરબરદાર!'

આગળ ચાલ્યા રીંછારામજી.
પાછળ ચાલ્યા કુત્તાજી.
હોશિયાર ને ખબરદાર.

ત્યાં તો કાંઈ ખખડાટ થયો.
રીંછારામ ચાલતા થંભી ગયા.
કું કું કરતા ફેરફૂદરડી ફરવા લાગ્યા.
આંખો ફાડી જોવા લાગ્યા.
પંજો પછાડી કહેવા લાગ્યા :

'કતારગામના કુત્તાજી,
સામેથી આવે શત્રુધ્ન સિંહાજી,
હવે માંડો દોડવા, જીવ લઈને ભાગવા.'

કુત્તાજી કહે : 'રીંછારામ, ભાગો તો તમે મારા સરદાર નહીં. હું તો બળિયાને ચાકર. સિંહાજી તમારાથી વધારે બળિયા ઠર્યા. હું હવેથી એમની ચાકરી કરીશ.'

રીંછારામ કહે, 'તો તું જાણે ને તારું નસીબ જાણે હું તો આ નાઠો'

રીંછારામજી તો નાઠા.
કુત્તાજી એકલા રહ્યા.

ત્યાં સામેથી આવ્યા શત્રુઘ્ન સિંહાજી.
રાજાની ચાલે હાલતા આવે.
ઘરરર ઘુરરર ઘુરકતા આવે.
ડોક મરડતા આવે.

સિંહાજી કુત્તાજીને જોઈ ને કહે : ' અલ્યા, તું કોણ છે ? '

કુત્તાજી ડોક ઊંચી કરી, છાતી ફુલાવી કહે :

' અમે કતારગામના કુત્તાજી,
અમે કર્યો છે વિચાર,
જગમાં બળિયા જે એ ચાર,
કહીશું તેમને સરદાર,
માલિક ગણીશું, માથું ધરીશું, રહીને ખબરદાર.
બોલો સિંહાજી, બનશો કે સરદાર ? '

કુત્તાજીની વાત સાંભળી શત્રુઘ્ન સિંહાજી હવામાં વેંત ઉછળ્યા. હું હું હુંકારા ભણતાં કહે :

' કતારગામના કુત્તાજી,
અમે બનીશું તમારા સરદારજી.
હો જાઓ હોશિયાર, ખબરદાર ! '

આગળ ચાલ્યા સિંહાજી.
પાછળ ચાલ્યા કુત્તાજી.
હોશિયાર ને ખબરદાર.
ત્યાં તો કાંઈ ખખડાટ થયો.

અને પછી થયા ધૂમધડાકા.
આકાશમાં ધુમાડાના થયા ગોટા.
ને ધરતી ઉપર અવાજ થયા મોટા.

શત્રુઘ્ન સિંહાજી થરથર કંપતાં કહે :

કતારગામના કુત્તાજી,
સામેથી આવે મુછાળા મરદજી.
સૌમાં બળિયો એ, આપણો કરશે હુરિયો એ.
હવે માંડો દોડવા, જીવ લઈને ભાગવા.'

કુત્તાજી કહે : શત્રુઘ્ન સિંહાજી, ભાગો તો તમે મારા સરદાર નહીં. હું તો બળિયાનો ચાકર. મુછાળો મરદ તમથી વધારે બળિયો ઠર્યો. હું હવેથી એની ચાકરી કરીશ.'

સિંહાજી કહે: 'તો તું જાણે ને તારું નસીબ જાણે.'

શત્રુઘ્ન સિંહાજી તો નાઠા.

કુત્તાજી એકલા રહ્યા.

ત્યાં સામેથી આવ્યા મરદ મૂછાળાજી.

દમામથી ચાલ્યા આવે,
મૂછે તાવ દેતા આવે,
હસતા ને રમતા આવે.

મુછાળાજી કુત્તાજીને જોઈને કહે :

'અલ્યા, તું કોણ છે?'

કુત્તાજી ડોક ઊંચી કરી, છાતી ફુલાવી કહે :

'અમે કતારગામના કુત્તાજી,
અમે કર્યો છે વિચાર,

જગમાં બળિયા જે બે ચાર,
કહીશું તેમને સરદાર.
માલિક ગણીશું, માથું ધરીશું, રહીને ખબરદાર,
બોલો મરદ મુછાળા, બનશો કે સરદાર?'

કુત્તાજીની વાત સાંભળી મુછાળા મરદે તાળીઓ પાડી. ફૂક ફૂક હસતાં કહે:

'કતારગામના કુત્તાજી.
અમે બનીશું તમારા સરદારજી.
હો જાઓ હોશિયાર, ખબરદાર!'

કતારગામના કુત્તાજી મુછાળા કને પહોંચ્યાજી.

પૂછડી પટપટાવતાં કહે: 'વનરાજને બીવડાવનાર તમે મારા સરદારજી.'

મુછાળા મરદે કુત્તાજીની પીઠ થાબડી, બુચકાર્યા ને ચંપાળ્યા.

કાલની વાત અને આજની રાત.

કતારગામના કુત્તાજી પછી માણસની સેવા કરતાજી.

□

# ગધાશંકર અને વરુજી

ગધાશંકર હવે ઘરડા થયા હતા.
કામ બરાબર થતું નહોતું.
શેઠ એમને મારે. ઘોંચપરોણા કરે. ડામ દે.
ગધાશંકર બધું મૂંગે મોંએ સહન કરે.

પણ શેઠ જે દહાડે બીજો નવો ગધો લઈ આવ્યા તે દહાડે ગધાશંકરને બહુ દુઃખ થયું.

શેઠે ગધાશંકરને લાત મારી ઘરની બહાર હાંકી કાઢયા.

ગધાશંકર નીચું ઘાલી હાલી નીકળ્યા.

ચાલતાં ચાલતાં વિચારવા લાગ્યા, માલિકે મને માર્યો. હું રહ્યો ગધાશંકર. મૂર્ખ, બુધ્ધુ, ડફોળ, ઢને કંઈ નહીં ઢ. પણ હું બતાવી આપીશ કે આમ તો હુંય હોશિયાર છું. શાણો છું. અક્કલવાળો છું.

વિચારમાં અને વિચારમાં ગધાશંકર આગળ ચાલ્યા.
રસ્તામાં આવ્યું જંગલ.
ગધાશંકર પીપળા હેઠે પોરો ખાવા બેઠા.
પાનપાંદડાં ખાઈને પેટ ભર્યું.
ખળખળ વહેતા ઝરામાંથી પાણી પીધું.
પછી 'હોંચી હોંચી' કરતા ગીત ગાવા લાગ્યા.

હોંચી હોંચી કરતા જાય.

પાછલા પગ ઉછાળતા જાય.

હાશ, હવે હું છૂટો.

કોઈના બાપનો નોકર નહીં.

બન્યું એવું કે એ જંગલમાં વરુજી વાઘેલા રહે.

વરુજી ભૂખ્યા હતા.

બે દિવસથી શિકારની શોધમાં ફરતા હતા પણ શિકાર મળ્યો નહોતો.

તેમણે ગધાશંકરનું ગીત સાંભળ્યું :

હોંચી હોંચી હોંચી હોં .... ઓં.

વરુજીને તો જાણે ભાવતું હતું તે વૈદે આપ્યું.

વરુજી બોડમાંથી બહાર આવ્યા.

જે દિશામાંથી હોંચી હોંચી સંભળાતું હતું તે દિશામાં વરુજીએ ચાલવા માંડ્યું.

ગધાશંકરે સામેથી વરુજીને આવતા જોયા.

હવે ગધાશંકરને પોતાની ભૂલ સમજાઈ. ગધાશંકર વિચારે છે કે, ખરેખર હું ગધેડો તે ગધેડો જ.

જંગલમાં તે કાંઈ હોંચી હોંચીનાં ગીત ગવાતાં હશે ?

મેં હાથે કરીને મારું મોત નોતર્યું.

છતાં બુદ્ધિ કોના બાપની ?

જે થયું એ થયું. પણ આમ તો હુંય હોશિયાર છું. શાણો છું. અક્કલવાળો ગધેડો છું. યુક્તિ વાપરીશ નહીં તો વરુ મને ખાઈ જવાનો.

વરુજી નજીક આવ્યા એટલે ગધાશંકરે ફરી ગાણું શરૂ કર્યું :

હોંચી, હોંચી, હોંચી, હોંચી.

ગધાશંકર કહે : 'નમસ્કાર વરુરાજ. આજ ચાર દિવસથી હું તમારી રાહ જોતો અહીં બેઠો છું. તમે દેખાયા નહીં એટલે મેં ગાવું શરૂ કર્યું. ત્યાં જ તમે આવી પહોંચ્યા.'

વરુજી જીભ પટપટાવતાં કહે : 'અરે ગધા, માણસો કહે છે કે ગધેડો તે આખરે ગધેડો જ એ વાત તદ્દન સાચી છે. તેં ગીત ગાયું ન હોત તો તારે ભાગે મરવાનો વખત ન આવત. હવે મરવા માટે હો જા તૈયાર. મને બહુ ભૂખ લાગી છે. પહેલાં તો હું તારું પેટ ચીરી ખાઈશ.'

વરુની વાત સાંભળી ગધાશંકર મનમાં તો બહુ ગભરાયા. છતાં હિમ્મત હાર્યા નહીં.

ગધાશંકર કહે : 'વરુરાજ, મારી ભૂલનો હું ભોગ બનું એ બરાબર છે. પણ મને ખાઈ જાઓ તે પહેલાં મારો સંદેશો સાંભળી લો.'

વરુ કહે : 'હોંચી હોંચી સિવાય ગધેડા પાસે તે વળી શો સંદેશો હોય ? છતાં હવે તું મરી જવાનો છે એટલે મારે તારી આખરી ઇચ્છા પૂરી કરવી જ રહી. મને બહુ ભૂખ લાગી છે. હજી તને ખાવો બાકી છે. જલદી બોલી નાખ. શો સંદેશો લાવ્યો છે તું ?'

ગધાશંકર નીચું ઘાલી કહે : 'વરુરાજ, અમારા ગામમાં કાલે ચૂંટણી છે. અત્યાર સુધી ગામના લોકો બધા

ગધેડાઓને જ ચૂંટતા હતા પણ હવે તેઓ હોંચી હોંચીથી કંટાળ્યા છે. એ બધા તમને નેતા બનાવવા માગે છે. મોટી ખુરશી ઉપર બેસાડવા માગે છે. એટલે મને વાજતે-ગાજતે તમને તેડવા મોકલ્યો છે. આ મારો સંદેશો છે. હવે મને મારવો હોય તો મારો અને તારવો હોય તો તારો. તમે અમારા નેતા. હું તમારી ગાય.'

આટલું બોલી ગધાશંકર બાડી નજરે વરુજીને જોતા ઊભા.

ગધાશંકરની વાત સાંભળી વરુજી તો ખુશ ખુશ થઈ ગયા. ભૂખ લાગેલી તેય ભૂલી ગયા.

વરુજી વિચારે છે કે, જલદી નેતા બની જાઉં. મેવાપૂરી ખાતો થાઉં. પછી ભૂખે મરવું નહીં પડે. શિકાર શોધવો નહીં પડે. શિકાર મને શોધતો આવશે.

આમ વિચારી વરુજી વટમાં કહે : 'ગધાશંકર, તમારું ગામ ક્યાં આવ્યું ?'

ગધાશંકર વિનયપૂર્વક બોલ્યા : 'આપ નામદાર મારી પીઠે બેસી જાઓ. હું તમને ગામમાં વાજતે ગાજતે લઈ જઈશ.'

વરુજી ખુશખુશ, હવે પોતે મોટા નેતા બનવાના એટલે ચાલવાની તકલીફ મટી જવાની. બીજાની પીઠે ચઢીને જવાનું. કેવી મજા ! જાણે રોજની રજા.

વરુજી ગધાશંકરની પીઠ ઉપર ચઢી બેઠા.

ગધાશંકર આગળ ચાલ્યા.

રસ્તામાં વરુજીને ગધાશંકરની પીઠ ઉપર બચકું ભરવાનું મન થયું. પછી વિચાર આવ્યો કે ગધાશંકરને બચકું ભરીશ તો ગામ શી રીતે પહોંચાશે? પહેલાં ગામ પહોંચવા દો. નેતા બનવા દો. પછી બચકાં ભર્યા કરીશું.

આમ કરતાં ગામ આવ્યું.

ગધાશંકરે ગાણું શરૂ કર્યું :

'હોંચી, હોંચી, હોંચી, હોંચી.'

ગામના લોક બહાર દોડી આવ્યા.

જુએ તો વરુજી ગધાશંકરની પીઠે બેઠા છે.

ગજબ થયો છે. કૌતુક થયું છે.

ગધાશંકર ગીતો ગાય છે.

વરુજી પૂંછડી વડે ગધાની પીઠ ઉપર તાલ દે છે.

પંજા વડે તાળીઓ પાડે છે.

લોકોનું ટોળું સામેથી આવી પહોંચ્યું.

કોઈના હાથમાં ધારિયાં છે. કોઈના હાથમાં લાકડી છે.

વરુજી કહે : 'ગધાશંકર, લોક અહીં કેમ દોડચા આવે છે?'

ગધાજી ઠાવકું મોં રાખી કહે : 'તમે અમારા નેતા છો, આ લોક તમારું સ્વાગત કરવા આવે છે.'

લોકોના હાથમાં લાકડીઓ જોઈને વરુજી કહે : 'આ લોકના હાથમાં આ લાંબું લાંબુ શું છે?'

ગધાશંકર હસવું દબાવી કહે : 'એ વડે તેઓ તમને મેથીપાક જમાડશે.'

જમવાની વાત આવી એટલે વરુભાઈ તો ખુશ ખુશ.

વરુ કહે : 'હેં ગધાશંકર, મેથીપાક કેવો લાગે?'

ગધાશંકર કહે : 'હમણાં જ એનો સ્વાદ તમને ચાખવા મળશે.'

ત્યાં તો એક લાકડી વરુજીની પીઠે વીંઝાઈ.

તેઓ ગધાશંકરની પીઠ ઉપરથી ગબડી પડ્યા.

ત્યાં કોઈએ બૂમ મારી : 'અલ્યા, આ તો આપણા ઘેટાં ઊઠાવી જનાર ચોરટો. બકરાં, મરઘાં ખાઈ જનારો.'

લાકડીઓ અને ધારિયાં લઈ લોકો વરુજી ઉપર તૂટી પડ્યા. વરુજીને બરાબરનો મેથીપાક જમાડ્યો.

ગધાશંકર આ બધું દૂર ઊભા ઊભા જુએ.

તેમણે હસતાં હસતાં પૂછ્યું : 'કાં નેતાજી, મેથીપાકનો સ્વાદ કેવો લાગ્યો?'

વરુજી શું બોલે? તેઓ ખોડંગાતા જંગલ ભણી ભાગી છૂટ્યા.

ભાગતાં ભાગતાં વિચારે છે કે હું કેવડો મોટો મૂર્ખ! વરુ મટીને ગધેડો બન્યો. તેય વળી એક ગધેડાએ મને ગધેડો બનાવ્યો!

□

# બગ ભગત અને કા કા કાગજી

એક હતી તળાવડી.
તળાવાડીને કાંઠે એક પીપળો.
પીપળામાં એક બખોલ.
બખોલમાં એક બગલો રહે.
રોજ સવારે એકલા એકલા તળાવડીએ જાય.
ચાંચમાં પાણી લઈ સૂર્યનમસ્કાર કરે.
પછી બેસે માછલાં પકડવા.
પકડતા જાય અને ખાતા જાય.
ખાતા જાય અને પકડતા જાય.
જેટલી ભૂખ એટલું ખાય.

પણ બગ ભગત તળાવડીને કાંઠે કોઈ પંખીને આવવા ન દે.

ચકીબાઈ આવે તો કહે હાંઉં.
કાગભાઈ આવે તો કહે હાંઉં.
જાતભાઈ આવે તોય કહે હાંઉં.

બગ ભગતની એક જ વાત,
'હું એકલો બધું ખાઉં. કોઈને ખાવા ન દઉં.'

તળાવડીના તટ ઉપર જાણે બગ ભગતના બાપનું રાજ.

બગ ભગત રોજ પોતાની બખોલે ચાંચમાં ભરીને માછલાં લાવે. તેનો સંઘરો કરે.

બગ ભગતની બખોલમાં ઠેર ઠેર માછલાંનાં તોરણ લટકે.

પીપળાના ઝાડમાં કા કા કાગજીનો માળો.

કાગજી કહે : 'ભગત, આટઆટલાં માછલાંનું કરશો શું ?
પડોશીને કાંઈ વહેંચશો ખરા કે?'

બગ ભગત ઘસીને સાફ ના પાડે :

'હું બગ ભગત.
મફતિયા પરોપકારમાં માનતો નથી.
આજે લીલી તો કાલે સૂકી,
હું તો માછલાં સૂકવીશ.
દુકાળ પડશે ત્યારે સૂકાં માછલાં ખાઈશ.'

રોજ બખોલમાંથી માછલાંની ગંધ આવે.
કાગભાઈની જીભ સળકવા લાગે.
કાગભાઈને માછલાં બહુ ભાવે.
એમના બચ્ચાં રોજ રુવે.

'બાપા, કાંઠે જાઓને.
માછલાં લઈ આવોને.'
બસ આ જ એમની એક વાત.

પણ બગ ભગત કોઈને માછલાં પકડવા દે ત્યારેને?
ત્યાં ચોમાસું બેઠું.
વરસાદ કહે મારું કામ.
ધમ ધમ વરસ્યા જ કરે.
માળા બહાર નીકળાય નહીં.
અનાજ હતું એ પૂરું થયું.

કાગભાઈ ભૂખ્યા ડાંસ.

બચ્ચાં ભૂખ્યાં ખાસ.

મોટો દીકરો કહે : ‘ કાગબાપજી, ભૂખ બહુ લાગી છે.’

વચેટ કહે : ‘ કાગબાપજી, પેટમાં લાય લાગી છે. ’

નાનો કહે : ‘ કાગબાપજી, ખાઉં ખાઉં થાય છે. ’

કા કા કાગજીથી બચ્ચાંઓનું દુઃખ સહેવાતું નથી. બિચારાં બાળુડાં ભૂખે મરી ચાલ્યાં.

કા કા કાગજીએ માળામાંથી બગ ભગતને હાંક મારી :

‘ ભગત, બચ્ચાં ભૂખે ટટળે છે.
ટટળે છે ને રુવે છે.
દયા કરો દાતાર
માછલાં દ્યો બે ચાર.’

બખોલમાંથી બગ ભગત કહે :

‘ જા રે કાગડા કાળિયા,
તારે ને મારે શી લેવા ને શી દેવા ?
શા કાજે હું આપું તને મેવા ? ’

કાગભાઈ કહે : ‘ આપણે એકમેકના પડોશી.
સુખ દુઃખના સંગાથી.
એકમેકને મદદ કરીએ.
વહેંચી વહેંચીને ખાઈએ.

બગ ભગત કહે : ‘ જા રે કાળિયા કાગ, સાંભળ મારી વાત.
ધર્મીને ત્યાં ધાડ પડે.
ધર્મીનાં બચ્ચાં ભૂખે મરે.

ના ભાઈ ના, હું માછલાં નહીં આપું.
હું છું ઊજળો બગ ભગત.
તું કાળો કાળિયો કાગ.
તારે ને મારે શી લેવા ને દેવા ?'

પછી બગ ભગતે બખોલનું મોં પીપળાનાં સૂકાં પાન વડે બંધ કરી દીધું.

બગ ભગત બખોલમાં બેઠાં બેઠાં માછલાં ખાય છે, ગીતો ગાય છે. બસ મોજ છે. મજા છે. રોજ રોજની રજા છે.

કાગજી કહે : 'ઠીક ભગત.
તમારાં કરેલાં એક દિવસ તમે ભોગવજો.'

બખોલમાં બેઠા બેઠા બગ ભગત હી, હી, હી, હી હસે છે.
કા કા કાગભાઈએ દીકરાઓને તેડ્યા.
કાગભાઈ કહે : ' હું હવે ઘરડો થયો.
ઊડવું મને પાલવે નહીં.
તમને હવે પાંખ આવી છે.
એક યુક્તિ શિખવાડું.
બગલાની બેં બોલાવું.
બોલો છે હિમ્મત ?'

છોકરાં કહે : 'હા, હા. કા, કા ! છે હિમ્મત, છે હિમ્મત.'

કાગભાઈ કહે : 'તો હિમ્મતની જ છે કીમત.
હો જાઓ તૈયાર, હોશિયાર, ખબરદાર !'

પછી કાગભાઈ કહે : ‘ બોલો છોકરાં, બગ ભગત સવારમાં
ક્યાં જાય છે ? ’

છોકરાં કહે : ‘ બગ ભગત તળાવડીએ જાય છે.
બેઠાં બેઠાં માંછલાં ખાય છે.’

કાગભાઈ કહે : ‘ તળાવડીથી નીકળી ભગત ક્યાં જાય ? ’

છોકરાં કહે : ‘ ચાંચમાં પકડી માછલાં,
ભગત ઘરભેગા થાય. ’

કાગભાઈ કહે : તો આપણે આ ફેરા એમને ઘરભેગા થવા દેવા નથી.’

મોટો કહે : ‘ એ કેમ બને બાપા ? ’

કાગભાઈ કહે : ‘ એ જ તો તમારી પરીક્ષા.
ભગતના મોંમાંથી માછલાં પડાવો બાળુડાં,
માછલાં પડાવી ઘરભેગાં થાઓ બાળુડાં. ’

છોકરાં કહે : ‘ ભલે બાપા. માછલાં પડાવીશું,
ઘર ભેગા થાશું. પેટ ભરીને ખાશું.
રાજી થઈને ગાશું. ’

પછી કાગભાઈએ છોકરાંઓના કાનમાં યુક્તિ કહી સંભળાવી. યુક્તિ સાંભળી કાગબાળોએ કા, કા કિકિયારીઓ મારી.

કાગબાળો સવાર પડવાની રાહ જોતાં સૂઈ ગયાં.

બીજા દિવસનું વહાણું વાયું.

બગ ભગત તળાવડીને કાંઠે ગયા.

ચાંચમાં ભર્યું પાણી.
પાણી ભરીને કર્યા સૂર્યનમસ્કાર.
પછી ભગત બેઠા માછલાં પકડવા.
એક, બે, ત્રણ, ચાર.
પેટ ભરીને માછલાં ખાધાં.

કાગ બાળો થોડે છેટે બેઠાં બેઠાં આ બધું જુએ.
બગ ભગતે પેટ ભરીને માછલાં ખાધાં.
વધ્યાં તેને લાંબી ચાંચમાં ભરી લીધાં.
પછી બખોલમાં પહોંચવા ઊડવા લાગ્યા.

કાગબાળોએ પણ બગ ભગતની પાછળ ઊડવા માંડ્યું. ભગત સાંભળે એમ મોટો બાળ કહે :

'જોયા ભાઈઓ, આ ભગતને? મોંમાં જોઈએ તો ગંધાતાં માછલાં અને કરવા નીકળ્યા છે સૂર્યનમસ્કાર! છી, છી, છી! કા, કા, કા!'

વચેટ બાળ કહે :

'વાત જવા દો મોટા ભાઈ,
મુખમાં કાંઈ ને મનમાં કાંઈ,
ધોળું મોં ને ઊજળો વાન,
પણ મન કાળું તે કેવી વાત!'

તેટલામાં નાનો બાળ બોલ્યો :

'અતિ લોભમ્ મહા પાપમ્.
બગ ભગત લોભી ને પાપી.'

બગ ભગત હતા બહુ અભિમાની.
પોતાની લાંબી ડોક કોઈ દિવસ ઝૂકવા ન દે.
પાંખનો એક ઝપાટો મારી એ પાછા ફર્યા.
ચીસ મારી કહેવા લાગ્યા : 'હું બંકો બગ ભગત,
ઊજળો મારો વાન,
તમે તો કાળિયા કાગ
અલ્યા, કેમ કર્યું મારું અપમાન ?"

આટલું બોલતાં ભગતને ચાંચ ખોલવી પડી. બધાંય માછલાં સરરર કરતાંકને ચાંચમાંથી સરી પડ્યાં. કાગબાળો કૂદી પડી બધાંય માછલાં ખાઈ ગયાં.

બગ ભગત એકલા શું કરી શકે ?
તેમણે બખોલ ભણી ઊડવા માંડ્યું.
ત્યાં તો કાગબાળો એમને ઘેરી વળ્યાં.

મોટો બાળ કહે : 'બગ ભગત, આજ તમે કરો અમારી જોડે સહેલ.'

બગ ભગત કહે : 'હું બંકો બગ ભગત,
ઊજળો મારો વાન
તમે કાળિયા કાગ છો
શું સહેલ ને શું વાત ?'

વચેટ બાળ કહે : 'બગ ભગત,
તમે ન તો કેમ કરો અમારી જોડે સહેલ ?
ઊંચે ઊંચે ઊડતા ઊડતા જાશું મંગળને મહેલ.'

બગ ભગત કહે : 'હું બંકો બગ ભગત,
ઊજળો મારો વાન,
તમે કાળિયા કાગ છો,
શું સહેલ ને શું મહેલ ?'

ત્યાં નાનો બાળ કહે : 'બગ ભગત, સાંભળી લો એક વાત,
ચાંચ મારીશું,
સીધા દોર કરીશું,
ન કરી જો સહેલ મંગળને મહેલ.'

નાના કાગબાળની વાત સાંભળી બગ ભગત બહુ બીધા. બગ ભગત કહે :

'કેમ કરીશું સહેલ મંગળને મહેલ ?
ત્યાં ન મળે રહેવાનું,
ન મળે ખાવાનું કે પીવાનું,
તમે મરશો, હું મરીશ, આપણ સઘળે મરવાનું.'

મોટો કહે : 'અમે કા કા કાગબાળ,
અમને નથી મરવાનો ભો.'

વચેટ કહે, 'બગ ભગત હોશિયાર, ખબરદાર
સહેલકે લિયે તૈયાર.'

નાનો કહે : 'સીધા સીધા ઊડવા માંડો,
નહિતર ચાંચ મારીશું ને મંગળ પર લઈ જાશું.'

બગ ભગત મનમાં બહુ ગભરાયા.

પોતે એકડે એક.

કાગબાળ એક, બે અને ત્રણ.

કાગબાળ ઊડવામાં પાકાં.

પોતે ઘરડા. ઊડી ઊડીને કેટલું ઊડવાના ?

બગ ભગત કહે : ' હું હવે ઘરડો થયો.
જુઓ, ઊડતાં પહેલાં હાંફી ગયો.'

જવાબમાં કાગબાળોએ ચાંચ બતાવી :
' માંડો ઊડવા બગ ભગત.
નહિતર ચાંચ મારીશું, ફોલી ખાશું.
હો જાઓ તૈયાર. હોશિયાર, ખબરદાર !'

બગ ભગતે ઊડવા માંડ્યું.

વચમાં બગ ભગત. આસપાસ બાળુડાં.

થોડું ઊડ્યા ત્યાં બગ ભગત કહે : ' હવે બસ કરો બાળુડાં. હવે નથી ઉડાતું.'

મોટો કાગબાળ કહે : ' અરે બસ ક્યાંથી કરીએ ? હજી તો દસ હજાર માઇલ કાપવાના બાકી છે.'

વચેટ કહે : ' હાસ્તો વળી.'

બગ ભગત કહે : ' શું કહ્યું કાગબાળો ? દસ હજાર માઇલ ? ! !

અધધધધ ! દસ હજાર....?'

બગ ભગત બહુ બીધા.

બીકના માર્યા આકાશેથી ગબડવા લાગ્યા.

કાગબાળો કા, કા કરતા મોજથી એમની પાછળ ઊડ્યા.

બગ ભગત ધબ દેતાકને જમીન ઉપર પછડાયા.

મોટો કાગબાળ કહે : 'કેમ ભગત, કેવી લાગી મંગળની સહેલ?

કેવો લાગ્યો મંગળનો મહેલ?'

વચેટ બાળ કહે : 'અમે કા, કા કાળિયા.
કરીએ મજા ને તમને સજા
યાદ આટલું રાખજો, નહિતર હેરાન થાશો.'

નાનો બાળ કહે : 'બાપ અમારા ભોળા
માછલાં ભાવે બહુ
રોજ માળે માછલાં મૂકી જાજો
હોંશે ખાઈશું સૌ.'

બગ ભગત બિચારા શું કરે?

મૂંગા મૂંગા સાંભળી રહ્યા. સહી રહ્યા.

તે દિવસથી બગ ભગત સીધા દોર થઈ ગયા.

આજે પણ કા કા કાગભાઈ બગ ભગત પાસેથી માછલાં પડાવી જાય છે.

□

# ચકાભાઈ અને ચકીબહેન

એક હતો ચકો.
એક હતી ચકી.
ચકીબહેન ભોળાં, ભલાં,
ચકાભાઈ સ્વાર્થી, કંજૂસ.
એક દહાડો ચકાભાઈને લાપસી ખાવાનું મન થયું.
ચકાભાઈ કહે :
'ચકી ચકી, તમે ઘઉંનો લોટ આણી દ્યો.
હું ગોળનો ગાંગડો ગોતી લાવું.
તમે લાપસી બનાવજો, આપણે હળી મળીને જમીશું.'
ચકીબહેન ખુશખુશ.
કહે :
'વાહ, આ તે કેવી મજાની વાત!
ચકાજી તમે ગોળનો ગાંગડો ગોતવા જાઓ.
હું ઘઉંનો લોટ લેવા જાઉં.
રંગેચંગે લાપસી ઊડાવશું,
સંપીજંપીને ગળ્યાં મોં કરશું, કસાવશું.'
ચકીબહેન માળામાંથી બહાર નીકળ્યાં.
દળણાં દળવાની ઘંટીએ પહોંચ્યાં.
ચીંચીં કરતાં બારીની કોરે જઈ બેઠાં.
ચીં, ચીં, ચીં, ચીં.
ઘંટીવાળો ઉદાર માણસ.

ચકીબહેન ભૂખ્યાં હશે એમ જાણી થોડોક લોટ બારીની કોરે મૂક્યો.

ચકીબહેને ચાંચમાં લોટ ભરી લીધો.

પછી પાંખો ફફડાવી,

ફરરર ફરરર ફરરરર

ફરરર કરતાં ઊડી ગયાં માળે.

ચકીબહેન આવ્યાં માળે.

માળો ચકીબહેનને સોંપી ચકાભાઈ બહાર નીકળ્યા.

ગોળનો ગાંગડો ગોતવા નીકળ્યા.

ચીં ચીં કરતા ગાતા નીકળ્યા.

ત્યાં રસ્તે મળ્યો વરઘોડો.

વરઘોડો ધીરે ધીરે આગળ ચાલે.

ભોં, ભોં, પી, પી વાજાં વાગે.

વરરાજાને માથે સોનેરી છત્તર મજાની.

ચકાભાઈ છત્તર ઉપર ચઢી બેઠા.

ભોં, ભોં, પી, પી, વાજાં સાંભળે છે.

છત્તર ઉપર બેઠા બેઠા ચીં, ચીં, ચીં ગાય છે.

આમ કરતાં વરઘોડો પહોંચ્યો માંડવે.

ચકાભાઈ છત્તર ઉપરથી જુએ છે તો માંડવામાં ગોળધાણાનો થાળ પડ્યો છે.

ચકાભાઈને મન તો જાણે ગોળનો ડુંગર પડ્યો છે.

ચકાભાઈ આમ જુએ, તેમ જુએ,

આડું જુએ અવળું જુએ,

ઉપર જુએ, નીચે જુએ,

ચીં ચીં ચીં ચીં કરતા જુએ.
પછી ઊડ્યા ગોળધાણાના થાળ ભણી.
ગોળનો ગાંગડો લીધો ઉપાડી.
ઊડ્યા પોતાના માળા ભણી.

ત્યાં ચકીબહેન રાહ જોતાં બેઠાં હતાં.
ગોળનો ગાંગડો જોઈ ચકીબહેન ખુશખુશ.
ઘઉંનો લોટ જોઈ ચકાભાઈ ખુશખુશ.
ચકીબહેને ચૂલો ચેતવ્યો.
મંડી પડ્યાં લાપસી બનાવવા.
લાપસીની સોડમથી માળો ભરાઈ ગયો.
ચકીબહેને થાળી પીરસી.
થાળીમાં લાપસી મૂકી.

ચકાભાઈને હાંક મારી.
'ચીં ચીં ચીં, આવો લાપસી ખાવા.'

ચકાભાઈ લાપસી ખાવા બેઠા.
ખાતા જાય ને પૂછતા જાય :
'હજી કેટલી લાપસી બાકી છે?'
ચકીબહેન કહે : 'તમ તમારે લાપસી ખાઓ.
લાપસી ખાઈને જાડા થાઓ.'

ચકાભાઈ લાપસી ખાધે જાય છે.
ચકીબહેન લાપસી પીરસ્યે જાય છે.
ધરાઈ ધરાઈને લાપસી ખાધી.
પછી ચકાભાઈ ભાણેથી ઊઠ્યા.

ચકીબહેને થાળી મૂકી.
થાળીમાં લાપસી મૂકી.
ચકીબહેન કહે : 'હવે મારો વારો.'
ચકાભાઈ કહે : 'હજી કેટલી લાપસી બાકી છે?'
ચકીબહેન કહે : 'મને ચાલી રહે એટલી બાકી છે.'
ચકીબહેન લાપસી ખાવા બેઠાં.
હજી તો બે કોળિયા ખાધા ત્યાં ચકાભાઈ કહે :
'હવે લાપસી ખાવાની બંધ કરો.
કાલને માટે રહેવા દો.'
ચકીબહેન કહે : 'રહો રહો હવે.
રાંધી છે તો ખાવા દો નિરાંતે.'
ચકાભાઈ કહે : 'ના હવે લાપસી ખાશો નહીં.
બે કણ લાપસી બહુ થઈ ગઈ.'
ચકીબહેન કહે : 'તમે અડધી તપેલી લાપસી ખાઈ ગયા ને મારે બે કણ જ ખાવાના?'
ચકાભાઈ કહે : 'હાસ્તો વળી. તું રહી ચકી. હું કહેવાઉં ચકો. આ માળાનો માલિક. તને લાપસી ખાવા નહીં દઉં.'
ચકીબહેન કહે : 'તો વધેલી લાપસીનું શું કરશો?'
ચકાભાઈ કહે : 'હું રોજ એમાંથી એક એક દાણો ખાઈશ. ચણ ચણ્યા બાદ લાપસીના કણ વડે મોં સમારીશ.'
ચકીબહેન કહે : 'ચકાજી, તમે કંજૂસ.
મખ્ખીચૂસ.'
ચકાભાઈ કહે : 'ચકી, તું ખાઉધરી.'
બન્ને લાગ્યાં ઝઘડવા.
માળામાં ચીં ચીં ચીં ચીં થઈ ગયું.

ચકાભાઈ કહે : 'લાપસી મૂક.'
ચકીબહેન કહે : 'નહીં મૂકું.'
ચકાભાઈ કહે : 'નહીં મૂકે તો મારું ચાંચ.'
ચકીબાઈ બીધાં.
બેઠાં બેઠાં રોવા લાગ્યાં.
રાત પડી.
ચકાભાઈ સૂઈ ગયા,
ચકીબહેન સૂઈ ગયાં.

ચકાચકીના માળા હેઠે કીડીઓનો રાફડો હતો.
કીડીઓએ ચકાચકીની વાત સાંભળી.

એમણે કંજૂસ ચકાભાઈને સજા કરવાનો વિચાર કર્યો.
રાતના ધીરે ધીરે કરતાં બધી કીડીઓ ચકાના માળામાં પેઠી.
પાંચ, દસ, પચીસ, પચાસ....સો, બસો....
કેટલી બધી કીડીઓ! બસ કીડી જ કીડી.
બધી કીડીઓએ ભેગી મળી લાપસી ખાવા માંડી.
થોડી વારમાં તો લાપસી સફાચટ.
એકે કણ બાકી ન રહ્યું.

બીજા દિવસનું વહાણું વાયું.
ચકીબહેન જાગ્યાં.
ચકાભાઈ જાગ્યા.
પીછાં વડે ચાંચ સાફ કરી.
પછી લાપસી ખાવા ગયાં.
જુએ તો તપેલીમાં લાપસી નથી.
એક કણ પણ રહ્યું નથી.

ચકાભાઈ કહે : ‘ ચકી, મારી લાપસી ક્યાં ?’
ચકીબહેન કહે : ‘ જ્યાં મૂકી હોય ત્યાં.’
ચકાભાઈ કહે : ‘ અહીં તો તપેલી ખાલી છે.’
ચકીબહેન કહે : ‘ તમે રાતે ખાઈ ગયા હશો.
હવે મને ગળે પડવા જશો ? ’
ચકાભાઈ કહે : ‘ ખોટી વાત. તું લાપસી ખાઈ ગઈ.’
ચકીબહેન કહે : ‘ તમે લાપસી ખાઈ ગયા.’
ચકાભાઈ કહે : ‘ તું જુઠ્ઠી, ચોરટી.’
ચકીબહેન કહે : ‘ તમે જુઠ્ઠા, ચોરટા.’
બન્ને લાગ્યાં ઝઘડવા,
માળામાં ચીં ચીં ચીં ચીં થઈ ગયું.
ચકાએ ચકીને ચાંચ મારી.
ચકીનાં પીછાં પીંખી નાખ્યાં.
ચકીબહેન રડવા લાગ્યાં.
રડતાં જાય ને કહેતાં જાય :
‘ ચકા ન રહું તારે ઘર,
મારે ન ખપે આવો વર.
હું આ ચાલી પિયર મારે
ન લેવા દેવા મારે ને તારે. ’
ચકીબહેન તો ઊડી ગયાં.
પિયર ભેગાં થઈ ગયાં.
ચકાભાઈ એકલા પડ્યા.
ભૂખ્યા તરસ્યા બેસી રહ્યા.
રાત પડી ને ઊંઘી ગયા.

રાતે રાફડામાંથી કીડીઓ બહાર આવી. જોયું તો ચકી ન મળે. એમને ચકા ઉપર આવ્યો ગુસ્સો.

‘ છે જ મુઓ બહુ લુચ્ચો.
ચકીબહેનને મારી ચાંચ,
થોડી લાપસીના કણ કાજ.’

બધી કીડીઓ ચકાના માળામાં પેઠી.

પાંચ, દસ, પચીસ, પચાસ....સો, બસો....
કેટલી બધી કીડીઓ ! બસ કીડી જ કીડી.

બધી કીડીઓએ ભેગી મળી ચકાભાઈને ચટકા ભર્યા. એનો માળો વીંખી નાખ્યો.

ચકાભાઈ આમલીની ડાળે બેઠા બેઠા રોવા લાગ્યા.
કીડીઓના ચટકાથી એમની આંખો સૂજી ગઈ.
આંખો સૂજીને દડા જેવી બની ગઈ.
પાંખો પીંખાઈને પંખા જેવી થઈ ગઈ.
બધી કીડીઓ ચકાભાઈને ચીડવવા લાગી.
‘ કંજૂસ ચકો કાણિયો. ’

ચકાભાઈ ચીં ચીં ચીં ચીં કરતા રોવા લાગ્યા. રોતા રોતા ઊડી ગયા.

આજ સુધી ચકાભાઈ રોજ સવારે લાપસીની શોધમાં ઊડયા જ કરે છે.

□

# શકરાભાઈ અને સમડીબહેન

સાસણગીરના શકરાભાઈ.
હાથમાં લીધી લાકડી.
માથે મૂકી પાઘડી.
નીકળ્યા ખેતરાં ખૂંદવા.
વાડવોંકળા કૂદવા.
રસ્તામાં આવ્યું ખેતર.
શકરાભાઈ પેઠા માહીં.
કેટલાંય ચીભડાં ખાઈ ગયા.
દૂધી ખાધી ને ટામેટાં ખાધાં.
ભાજી અને મૂળા ખાધા.
ધરાઈ ધરાઈને શાકપાન ખાધાં.

સાસણગીરના શકરાભાઈને રોજ રોજનાં ઘીકેળાં.
શકરાભાઈને ખાવાપીવાની ચિન્તા નહીં.
એમણે ખેતરમાં બાકોરું પાડ્યું.
તાડપત્રનું બારણું બનાવ્યું.

શકરાભાઈ ઘરમાં રહે છે. ખાઈપીને મોજ કરે છે.
એક દિવસ વરસાદ પડ્યો.

માર મારનો વરસાદ.

ખેતરમાં એક સમડીબહેન આવ્યાં.
એમની પાંખ ભીંજાઈ ગઈ'તી.

થર થર થર થર થઈ'તી.
ડિલે ઠંડી ચઢી ગઈ ગઈ'તી.
ત્યાં શકરાભાઈનું ઘર દીઠું.
સમડીબહેન કૂદતાં કૂદતાં ઘર પાસે જઈ પહોંચ્યાં.
સમડીબહેન કહે : 'સાસણગીરના શકરાજી,
ઉઘાડો ભલા બારણાંજી.'
શકરાભાઈ કહે : 'કોણ છે તે પહેલે જાણું,
પછી હું બારણાં ઉઘાડું.'
સમડીબહેન કહે : 'હું સદરબજારની સમડી છું.
ભીંજાઈને થથરું છું.
ઘરમાં આવવા દેશો તો તમારો ઉપકાર નહીં ભૂલું.'
સાસણગીરના શકરાભાઈ ભારે લુચ્ચા.
શકરાભાઈ વિચારવા લાગ્યા :
'બહુ દિવસથી નથી ખાધું માંસ કે માછલું.
સમડી ભલે ઘરમાં આવતી.
રાતે એને ઊંઘવા દઈશ.
ઊંઘી જશે એટલે ખાઈ જઈશ.'
શકરાભાઈના મોંમાં પાણી આવી ગયું.
કહે : 'હું સાસણગીરનો શકરો, દિલનો બહુ ઉદાર છું.
સદરબજારનાં સમડીબહેન, આવો આવો ભલે પધારો.'
શકરાભાઈએ બારણાં ખોલ્યાં.
સમડીબહેનને અંદર લીધાં.
લાકડી ચેતાવી તાપણું કર્યું.

બન્ને જણ તાપવા બેઠાં.
સમડીબહેનની ટાઢ ઊડી ગઈ.

શકરાભાઈએ તપેલીમાં પાણી ભર્યું.
પાણી ગરમ કરવા મૂક્યું.

સમડીબહેન કહે : 'કાં શકરાજી, પાણી કેમ ગરમ કરો?'

શકરો કહે : 'ગરમ પાણીનો તમે શેક કરજો.
તમે મારાં મહેમાન.
મારે તમારી સેવા કરવી જોઈએ ને?'

સમડીબહેન કહે : 'શકરાજી, તમે તો બહુ સેવાભાવી છો.'

ખરેખર તો શકરાભાઈ સમડીબહેનને ગરમ પાણીમાં ડૂબાડી રાંધી ખાવાના હતા.

બિચારાં ભોળાં સમડીબહેન!

પાણી ગરમ થઈ ગયું.

શકરાભાઈ સમડીને ઉકળતા પાણીમાં ડૂબાડવા જતા હતા ત્યાં દૂરથી અવાજ સંભળાયો.

શકરાભાઈએ કાન ઊભા કર્યા.
ધ્યાન દઈને સાંભળવા લાગ્યા.
નક્કી કોઈ એમના ઘર ભણી આવતું હતું.

આરણાની તિરાડમાંથી જુએ છે તો દૂરથી ખેડૂત આવતો હતો. ખેડૂતના હાથમાં કુહાડી હતી.

શકરાભાઈ વિચારે છે કે નક્કી ખેડૂત મને મારી નાખવાનો. આટલા દિવસ મેં એનાં રીંગણ અને દૂધી

ખાધાં, ટામેટાં ને ચીભડાં ખાધાં. હવે એ મને શેનો છોડે? શકરાભાઈને ધ્રૂજતા જોઈને સમડીબહેનને દયા આવી.

સમડીબહેન કહે: ‘શકરાભાઈ, ડરવાથી શું થાય?
ડરે તે મરે. કાંઈ યુક્તિ વિચારો.’

શકરાભાઈ બડાશ હાંકતાં કહે: ‘સમડીબહેન, અમને તો એક નહીં, પચાસ યુક્તિઓ આવડે. અમે સાસણગીરના શકરાભાઈ. બહુ હોશિયાર, બહુ ખબરદાર.’

સમડીબહેન કહે: ‘તો યુક્તિ કરતાં કેટલી વાર?
લડાવો યુક્તિ દસબાર.’

શકરાભાઈ મનમાં બહુ ગભરાતા હતા. પચાસ તો શું એકે યુક્તિ યાદ આવતી નહોતી.

શકરાભાઈ કહે: ‘મને પચાસ તો શું, સો યુક્તિઓ આવડે. અમે સાસણગીરના શકરાભાઈ. બહુ હોશિયાર. પણ તમને કેટલી યુક્તિઓ આવડે છે, સમડીબહેન?’

સમડીબહેન કહે: ‘મને તો એક જ યુક્તિ આવડે છે.’

શકરાભાઈ કહે: ‘તો બતાવો યુક્તિ.’

સમડીબહેન કહે: ‘ના, તમે પહેલાં તમારી યુક્તિ કહો.’

શકરાભાઈ કહે: ‘ના, તમે પહેલાં કહો.’

આમ ‘ના તમે, તમે’માં કેટલોય સમય નીકળી ગયો. આખરે ‘ઈના મીના માઈના મો’ કરવાનું નક્કી કર્યું. જેને ભાગે થપ્પો આવે એ યુક્તિ કહે.

ઈના મીના કરવામાં સમડીબહેનને થપ્પો મળ્યો.

શકરાભાઈ કહે : ‘ સમડીબહેન, ચાલો. ઝટપટ યુક્તિ બતાવો. મને ખેડૂતનાં પગલાં નજીક આવતાં સંભળાય છે.’

સમડીબહેન કહે : ‘ હું તમારા ઘરમાંથી બહાર નીકળીને તાડપત્ર ઉપર ચત્તી પાટ સૂઈ જઈશ. ન હાલીશ કે ન ચાલીશ. ખેડૂત મને મરેલી માનશે. એટલે તે મને ઊંચકીને દૂર લઈ જશે. એટલામાં તમે શકરાભાઈ, ભાગી જજો. હુંય પછી ઊંચે ઊંચે ઊડી જઈશ. બોલો, યુક્તિ છે પસંદ ?’

શકરાભાઈ કહે : ‘ છે પસંદ.’

પણ સાચેસાચ આ યુક્તિ તેને પસંદ પડી નહોતી.

તેને તો સમડીબહેનને ખાઈ જવાં હતાં. આ તો શિકાર હાથમાંથી જતો રહેતો હતો.

સમડીબહેન આકાશમાં ઊડી જવાનાં.

પોતે હાથ ઘસતો રહી જવાનો.

એ તે કેમ બને ?

શકરાભાઈ કહે : ‘સમડીબહેન, મેં તમને આશરો આપ્યો, તમારે મારી એક વાત માનવી પડશે.’

સમડીબહેન કહે : ‘ વાત કહો તો સમજાય.’

શકરાભાઈ કહે : ‘ તમારે મને આકાશી સેર કરાવવાની.’

સમડીબહેન કહે : ‘ શકરાભાઈ, પાંખ વગર ઊડાય ખરું ?
જોયાં ઊડતાં કદી વાઘ, સિંહ કે વરુ ?’

શકરાભાઈ કહે : ‘ એ તમે જાણો,
મારી વાત આટલી માનો.
મને સેર કરાવો.’

સમડીબહેન વિચારે છે કે, શકરાભાઈ સાથે રકઝક કરવા બેસીશ તો હુંય મરવા પડીશ, ખેડૂત મનેય મારી નહીં નાખે એ કોણે જાણ્યું? માટે હા કહેવામાં શું ગયું?

સમડીબહેન કહે: 'ઠીક શકરાભાઈ, હું તમને આકાશી સેર કરાવીશ.'

શકરાભાઈ કહે: 'પણ મારા ઘરમાંથી નીકળી તું ઊડી જાય તો? હું તો સેરમાંથી લટકી જાઉં.'

સમડીબહેન કહે: 'શું તમને મારા પર વિશ્વાસ નથી?'

શકરાભાઈ કહે: 'હું કોઈ પર ભરોસો રાખતો નથી.'

સમડીબહેન કહે: 'ઠીક તો એક કામ કરો. આ વેલ છે તેનો એક છેડો તમારે પગે બાંધી દો. બીજો છેડો હું મારા પગે બાંધું. હું ઊડું ત્યારે ભેગા તમે પણ ઊડશો.'

શકરાભાઈને આ વિચાર ઘણો ગમી ગયો. રસ્તામાં સમડીબહેનને ખાઈ જવાનો તેમણે વિચાર કર્યો.

પછી ઝટપટ સમડીબહેન ઘરની બહાર નીકળ્યાં. તાડપત્રના બારણા ઉપર ચત્તાંપાટ સૂઈ ગયાં.

ત્યાં તો હાથમાં કુહાડી લઈ ખેડૂત આવી પહોંચ્યો. જુએ છે તો સમડીબહેન શકરાના ઘર આગળ પડેલાં છે.

નથી હાલતાં, નથી ચાલતાં.

નથી આંખો ખોલતાં, નથી પાંખો ફફડાવતાં.

ખેડૂત જાણે કે સમડીબહેન મરી ગયાં.

તે વિચારે છે કે આજે તો શકરાને પૂરો જ કરી નાખું. આ સમડીને પણ એ જ લુચ્ચાએ મારી નાખી હશે.

ખેડૂત સમડીને દૂર ઉઠાવી ગયો.

ત્યાં તો શકરાભાઈ પણ બહાર નીકળી ગયા.

ખેડૂત ખાડો ખોદી સમડીબહેનને દાટવા જાય છે ત્યાં તો સમડીબહેને ઊડવા માંડ્યું.

ઊંચે ઊંચે ઊડતાં જાય.

આકાશી સહેલ લેતાં જાય.

જોડે શકરાભાઈ પણ આકાશી સેર કરવા લાગ્યા. એમને તો ઊંચે ઊંચે આકાશમાં જવાની બહુ મજા આવી. ઊંચે આકાશમાં વેલ ઉપર ઝૂલા ખાય.

સમડીબહેન કહે : 'હવે બહુ સેર કરી.

હવે આપણે નીચે ઊતરીએ.'

શકરાભાઈ કહે : 'ના, ના, સેર કરવી તો પૂરી કરવી. તમતમારે ઊડ્યા કરો.'

સમડીબહેન ઊંચે ઊંચે ઊડવા લાગ્યાં.

શકરાભાઈ કહે : 'હજી ઊંચે, હજી ઊંચે.'

સમડીબહેન કહે : 'બહુ લોભ સારો નહીં.'

શકરાભાઈ કહે : 'ઊંચે, ઊંચે. બીજી વાત હું જાણું નહીં.'

સમડીબહેન કહે : 'મને થાક લાગ્યો છે તેનું શું ?'

શકરાભાઈ ગુસ્સે થઈને કહે : 'ઊંચે ઊંચે ઊડને સીધી સીધી, નહીં માને તો વેલ ઉપર ચઢીશ. બચકું ભરીશ. પીછાં પીંખીશ. ખાઈ જઈશ.'

સમડીબહેન કહે : 'મેં ભલી થઈને સેર કરાવી. મને તમે ખાઈ જશો ?'

શકરાભાઈ કહે : ‘ કટ કટ ન કર,
ઊંચે ઊંચે ઊડયા કર.’
સમડીબહેન કહે : ‘ હવે મારાથી નહીં ઉડાય.
આમ તો બન્ને મરી જઈશું.’
સમડીબહેન આકાશમાંથી નીચે ઊડવા માંડયાં.
શકરાભાઈ બહુ ચિઢાયા.
‘ કહું છું ઊંચે ઊંચે ઊડ.’
સમડીબહેન કહે : ‘ ના, ના, ના.
તમે સ્વાર્થી છો. લુચ્ચા છો.
તમારે માટે હું કંઈ નહીં કરું.’
શકરાભાઈ કહે : ‘ એમ વાત છે તો ઊભી રહે. તને
મારા દાંતનો સ્વાદ ચખાડું છું.’

આમ કહીને શકરાભાઈ સમડીબહેનને બચકું ભરવા વેલ ઉપર ચઢવા લાગ્યા.

ચઢતાં ચઢતાં ઉપર આવ્યા. વેંત અંતર બાકી હતું.

શકરાભાઈ વિચારે છે કે મોટું બચકું ભરીશ. સમડીબહેનનું મીઠું મીઠું કુમળું કુમળું માંસ ખાઈશ.

બચકું ભરવા જાય છે ત્યાં તો વેલ તૂટી ગઈ.

શકરાભાઈ ગુલાંટ ખાઈ ને જમીન ઉપર પટકાયા.

એમના પગ ભાંગી ગયા. તેઓ પોક મૂકીને રોવા લાગ્યા.

સમડીબહેન દૂર દૂર ઊડી ગયાં.

□

# સાસણગીરના સિંહાજી અને સસારાણા

સાસણગીરના સિંહાજી.
ગર્જે ત્યારે જંગલ ગજવે.
હુંઆં હુંઆં હુંઆં કરતા ફરે.

એમની ગર્જના સાંભળીને ઝાડ કંપે. પાન કંપે. જન કંપે. જાનવર કંપે.

સિંહાજી રોજ શિકારે નીકળે.
રસ્તામાં જે મળે એના ઉપર તરાપ મારે.
શું ગાય, શું ભેંસ,
શું બકરાં, શું ઘેટાં,
શું શિયાળ, શું હરણ,
સિંહાજી બધાંયને ખાઈ જાય.
કહેવાય ત્યારે રાજા, પણ તે કેવા ?
'સબ કો ખા જા' જેવા.
પશુઓ એમનાથી કંટાળ્યાં.
પશુઓએ દરબાર ભર્યો.

શકરાભાઈ શિયાળ આવ્યા. કતારગામના કુત્તાજી આવ્યા.
વરુજી વાઘેલા આવ્યા. બેગમ બિલ્લી આવ્યાં.
રીંછારામ આવ્યા. સસારાણા આવ્યા.
અહીંથી આવ્યાં. તહીંથી આવ્યાં.

દૂરથી આવ્યાં. નજીકથી આવ્યાં.
ગામથી આવ્યાં. ગોંદરેથી આવ્યાં.

બધાં કહે: 'હવે હદ થાય છે. કાં સિંહાજી ડાહ્યા બને. કાં એ આપણા રાજા નહીં.'

રીંછારામ કહે, 'વાત સો ટકા સાચી.
પણ સિંહાજીને ડાહ્યા થવાનું કહેવા જશે કોણ?'

વરુજી કહે: 'અમારા બધાંમાં તમે જ સૌથી બળિયા છો. તમે જાઓ સિંહરાજાને ડાહ્યા બનાવવા.'

રીંછારામ કહે: 'હું બળિયો ખરો પણ તમારા જેવો ચપળ નહીં, વરુજી! માટે તમેજ જાઓ તો કેમ?'

વરુજી કહે: 'હું ચપળ ખરો પણ ચકોર નહીં.
માટે શકરાજી, તમે જાઓ તો કેમ?'

શકરાભાઈ કહે: 'હું ચકોર ખરો પણ અનુભવી નહીં. માટે હાથીરામ તમે જાઓ તો કેમ?'

હાથીરામ કહે: 'હું અનુભવી ખરો પણ જુવાન નહીં. મારાથી સિંહાજી પાસે ન જ જવાયને? એના કરતાં ચૂંટણી કરો. જે ચુંટાય એ સિંહાજીને શિખામણ આપવા જાય.'

હાથીરામની વાત સાંભળી સસારાણા બીતાં બીતાં કહે: 'હાથીરામની વાત બરાબર નથી. ચૂંટણીમાં મારા જેવો ચુંટાય તો તો સિંહાજીના હાથે મરી જ જાયને?'

હાથીરામ કહે: 'તમારા જેવા બીકણને ચૂંટે પણ કોણ, સસારાણા?'

સસારાણાને માઠું લાગ્યું.

સસારાણા કહે : ‘ હું એકલો જ કયાં બીકણ છું ? સિંહરાજા પાસે જતાં તમે બધાં પણ કયાં નથી બીતાં ? ’

આખરે બહુમતિ કહે તે પ્રમાણે કરવાનું નક્કી થયું. બધાંએ મળીને સસારાણાને સિંહાજી આગળ મોકલી આપવાનો વિચાર કર્યો.

સસારાણા બહુ ગભરાયા.

કહે : ‘ સિંહાજી આગળ મારાથી કેમ જવાય ?
એ તો મને એક કોળિયે ગળી જાય !
આ તો ભારે અન્યાય.’

રીંછારામ કહે : ‘ સસારાણા, તમારે બધાંનું માન રાખવું જ પડશે. તમે સિંહરાજાને ડાહ્યા બનાવવા જાઓ.’

સસારાણા કહે : ‘ ના, હું નહીં જાઉં. ’

રીંછારામ કહે : ‘ ન તે કેમ જાઓ ? તમે નહીં જાઓ તો અમે બધાં તમારી ઉપર તૂટી પડીશું. અને તમને મારી નાખીશું.’

કતારગામના કુત્તાજી કહે : ‘ હું સસારાણાને બચકું ભરીશ. ’

બેગમ બિલ્લી કહે : ‘ હું એના વાળ ઉતરડી મારે માટે પહેરણ બનાવીશ. ’

રીંછાજી કહે : ‘ હું એના કાન કાપી મારી ટોપી ઉપર ચોંટાડીશ.’

વરુજી કહે : ‘ હું એના ટાંટિયા તોડી ખાઈ જઈશ.’

સસારાણા વિચારે છે કે આ રીતે મરવા કરતાં તો સિંહરાજાના હાથે મરવું શું ખોટું?

એક તરાપ અને બે કકડા.

રિબાવું તો ઓછું પડે.

સસારાણા કહે : 'ઠીક, હું બહુમતિ કહે તે પ્રમાણે કરવા તૈયાર છું. પણ એક શરત છે. હું જો મરી જાઉં તો મારું બારમું સરાવજો. હું જીવતો પાછો આવું તો મને રાજા બનાવજો.'

સસારાણાની વાત પશુમંડળે વધાવી લીધી.

બીજા દિવસનું વહાણું વાયું.

સસારાણે હાથમાં લીધી લાકડી.
માથે મૂકી પાઘડી.
પગમાં પહેરી મોજડી.
શરીર પર પહેર્યો કેસરિયો જામો.
જાણે રણમેદાને ચાલ્યો રજપૂતજાયો.

સસારાણા ચાલી નીકળ્યા.

રસ્તામાં વિચારે છે કે યુક્તિ તો કાંઈ કરવી પડશે.
યુક્તિ વિના શક્તિ નહીં,
શક્તિ વિના યુક્તિ કામની નહીં.
શક્તિ અને યુક્તિ હશે તો બચવા પામીશું,
નહિતર માર્યા ઠાર.
મોત સામું દાંતિયાં કાઢતું ઊભું જ જાણો.

આમ વિચારે છે ત્યાં સામે નદી આવી.

સસારાણા ચાલતાં ચાલતાં થાકયા હતા.

તરસ્યા થયા હતા.

એમણે પાણી પીવા નદીમાં મોં નાખ્યું.

જુએ તો અંદર એમના જેવા જ બીજા સસારાણા ઊભા છે.

હાથમાં લાકડી.
માથે પાઘડી.
પગે મોજડી.
શરીરે કેસરિયો જામો.

આ તો ખરી થઈ.

સસારાણા જાણે કે જંગલમાં એકલા પોતે જ બંકા થઈને ફરી જાણે છે.

ત્યાં આ નવો કયાંથી ફૂટી નીકળ્યો?
સસારાણાએ પંજો ઉગામ્યો.
નદીમાંના સસાએ પણ પંજો ઉગામ્યો.
સસારાણાએ કાન ફફડાવ્યા.
નદીમાંના સસાએ પણ તેમ કર્યું.
સસારાણા તો વિચારમાં પડી ગયા.

આ તો ખરું કૌતુક.
ઘડીક તેમને પાણીમાંના સસા જોડે લડી લેવાનું મન થયું.
પણ પછી વિચાર બદલ્યો.
લડવું તો સિંહાજી જોડે.
જાતભાઈ જોડે કોણ લડે?

વળી પાણીમાં કોણ પડે?
સિંહનો સામનો કરીશું. રાજા બનીશું, પછી જો મજા.
સસાભાઈએ મૂછ મરડી.
નદીમાંના સસાએ પણ મૂછ મરડી.
એ જોઈને સસાજીને યુક્તિ જડી ગઈ.
સસાજી ખુશખુશ.
યુક્તિ જડી અને શક્તિ આવી.

ત્યાં સામે પારથી અવાજ આવ્યો :

હુંઆં હુંઆં હુંઆં.

સિંહરાજા ગર્જતા હતા, એમને ભૂખ લાગી હતી.
શિકારની શોધમાં નીકળ્યા હતા.

સિંહરાજે સસારાણાને જોયા,
ગોળ મટોળ અને સફેદ રૂના ગોટા જેવા સસારાણા.

સિંહરાજાના મોંમાં પાણી આવ્યું.
સસારાણા સિંહને જુએ છે.
સિંહરાજા સસાને જુએ છે.

સિંહરાજાને જોઈને સસારાણાએ પાઘડી ઊતારી.
નમસ્કાર કર્યા.
સિંહરાજાએ હુંઆં હુંઆં કર્યું.

સિંહરાજા કહે : 'મને નવ ગજના નમસ્કાર કેમ કરે છે? નજીક આવીને પગે પડતાં નથી આવડતું? જાણે તો છેને હું કોણ છું?'

સસારાણા હાથ જોડી બોલ્યા, 'જી હજુર આપ અમારા રાજાજી છો. હું આપનો સેવક છું.'

સિંહરાજા કહે: 'એમ છે તો નજીક આવીને નમસ્કાર કર.'

સસારાણા કહે: 'રાજાજી, મારી વાત સાંભળો, મારે માથે સંકટ આવ્યું છે. એ દૂર થાય તો જ હું નદી પાર કરીને આવી શકું.'

સિંહરાજા કહે: 'શું સંકટ આવ્યું છે તારે માથે? ખોટી વાત કરીશ તો મારી નાખીશ. યાદ રાખજે.'

સસારાણા હાથ જોડી કહે: 'વાત સાચી છે હજુર, આપ અમારા અન્નદાતા. અમે આપના સેવક. રાજા જેવા રાજા થઈને આપને શિકાર શોધવા જવું પડે એ અમારાં પશુમંડળને ગમતું નથી. આથી અમે નક્કી કર્યું છે કે રોજનો એક એક શિકાર અમારે આવીને આપી જવો. આપ નિરાંતે બેઠા બેઠા તે ખાજો.'

સિંહરાજા મોં મટમટાવતાં કહે: 'એમ વાત છે તો જલદીથી અહીં આવી જા, મને બહુ ભૂખ લાગી છે.'

સસારાણા કહે: 'હજુર, મને તરતાં ક્યાં આવડે છે? મારી જોડે ગીરનાં ભેંસબહેન હતાં. તેમને તરતાં આવડતું હતું. અમને એમ કે આપ નામદાર વધુ ભૂખ્યા થયા હો તો ભેંસબહેનને ખાઓ. અને જો આપ હજુરને ઓછી ભૂખ લાગી હોય તો મારા જેવા નાના સેવકને ખાઓ, એટલે હુંય ભેંસની પીઠે ચઢીને આપ હજુરની પાસે આવતો હતો.'

સસારાણાની ડાહી ડાહી વાતો સાંભળીને સિંહરાજાના મોંમાંથી લાળ ટપકવા લાગી.

સિંહરાજા કહે, ‘ક્યાં છે ગીરની એ ભેંસ? જલદી મોકલી આપ. અમારે એને ફાડી ખાવી છે.’

સસારાણા ચિંગામિંગા થઈને કહે: ‘વાત મારે મોઢેથી ઝટ નીકળતી નથી, નામદાર, શું કહું આપને? આ નદીમાં એક બીજા સિંહ રહે છે. ભેંસબહેન તરતાં તરતાં નદી પાર કરવા ગયાં ત્યાં જ નદીમાંના સિંહે અમને ઘેરી લીધાં.

ભેંસબહેને કહ્યું કે ‘અમને જવા દો. અમારા રાજા ભૂખ્યા છે. તો નદીનો સિંહ કહે કે એ ભૂખ્યો છે તેથી શું? હુંય ભૂખ્યો છું. મેં કહ્યું કે એ તો અમારા રાજા કહેવાય. અમારાથી એમને ભૂખ્યા ન રખાય. તો પાણીમાંનો સિંહ કહે કે એ વળી કયા દહાડાનો રાજા? સાચો રાજા તો હું છું. હું જ તને ખાઈશ. આમ કહીને તે ભેંસબહેનને ખાઈ ગયો. હું રહ્યો બીકણ સસો. એટલે વહેલો વહેલો આ બાજુ ભાગી આવ્યો.’

સસારાણાની વાત સાંભળીને સિંહજીના ગુસ્સાનો પાર ન રહ્યો.

હુંઆં હુંઆં કરીને આખું જંગલ ગજવી મૂક્યું.

સિંહજી કહે: ‘કોણ છે એ હરામખોર? હું એને ફાડી નાખીશ. આ જંગલનો રાજા હું છું. મારી ભેંસ એ તે કેમ ખાય? હું એને સજા કરીશ. બતાવ ક્યાં છે એ ચોરટો.’

સસારાણા બીતાં બીતાં કહે : ‘રાજાજી, ધીમે બોલો ધીમે. નહિતર એ ચોરટો ક્યાંક છૂપાઈ જશે.’

સિંહાજી કહે : ‘અરે છૂપાઈ ક્યાંથી જાય? હું સિંહરાજા એને પાતાળમાંથી ગોતી લાવીશ. ચાલ જલદી બતાવ. મારો દુશ્મન ક્યાં છે?’

સસારાણા ઠાવકું મોં રાખી કહે : ‘રાજાજી, મોં નીચું કરી પાણીમાં જુઓ. તમને એ દેખાશે.’

સિંહરાજાએ લાલ લાલ આંખો વડે નદીના પાણીમાં ડોકિયું કર્યું. જુએ છે તો પાણીમાં એવો જ લાલ લાલ આંખોવાળો સિંહ!

સિંહરાજાએ તેને જીભ બતાવી.

પેલાએ પણ સામી જીભ કાઢી.

સિંહરાજાએ દાંતિયાં કર્યાં.

પેલાએ પણ દાંતિયાં કર્યાં.

સિંહરાજાએ પોતાના દુશ્મનને મારી નાખવા નદીમાં ભૂસકો માર્યો.

સિંહરાજા દુશ્મનને પકડવા ઊંડાં પાણીમાં ઊતરી પડ્યા. તેઓ ડૂબી ગયા.

સસારાણા,

હાથમાં લીધી લાકડી.
માથે પહેરી પાઘડી
જંગલમાં જાય ચાલ્યા

સસારાણાને જીવતા જોઈ પશુપંખી અજાયબ થયાં.

સસારાણા કહે :

‘હવે કોઈ ડરશો મા.
ચિન્તા કરશો ના.
રાજા મરી ગયા છે.
યુક્તિ કરી મેં એમને મોતને ઘાટ
મોકલી દીધા છે.’

પછી સસારાણાએ પોતાની યુક્તિ બધાંને કહી સંભળાવી.

બધાં સસારાણાની વાત સાંભળી ખુશ થયાં.

બીજે દહાડે દરબાર ભરાયો.

બધાંએ મળીને સસારાણાને જંગલના રાજા બનાવ્યા.

બોલ્યાં : ‘મહારાજાધિરાજ સસારાણાની જય હો.’

□